
॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 8 • Issue : 1 • 5th July, 2025 • Price : Rs. 10



ગુરુપૂર્ણિમા ઊજવણી તા. ૧૦-૦૭-૨૦૨૫ ગુરુવાર હરિઃૐ આશ્રમ, નડિયાદ

હરિઃૐ

મારે સમાજને બેઠો કરવો છે.



હું સર્વત્ર વિદ્યમાન છું.

હરિઃૐ

સમાજ મારો ભગવાન (દેવતા) છે.

આત્મીય સ્વજનશ્રી ........................................................

પૂજ્ય શ્રીમોટાએ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ માટે વર્ષ દરમ્યાન કુલ ચાર ઉત્સવ ઉજવવા મંજૂરી આપેલ. તેમાંથી પ્રાપ્ત થયેલ ભંડોળનો ઉપયોગ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિમાં જ કરવો. ઉક્ત પરિપેક્ષ્યને લક્ષમાં લઈને હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા **પૂજ્ય શ્રીમોટાના ૧૨૮મા જન્મદિનનો ઉત્સવ** ઉજવવા માટે અમોને યજમાન તરીકેનો મહામૂલો અવસર પ્રાપ્ત થયેલ છે, તો સર્વે સ્વજનોને તેઓના મિત્રવર્તુળ સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ.

## ઉત્સવના યજમાનશ્રી

**સ્વ. રમેશચંદ્ર મોહનલાલ ભટ્ટ તથા ગં.સ્વ. હર્ષિદાબેન રમેશચંદ્ર ભટ્ટનો સમગ્ર પરિવાર**

**ઉત્સવ તથા ઉતારાનું સ્થળ**

**શ્રી રાજપૂત વિદ્યાસભા - ગુજરાત**

શ્રી હરેન્દ્રસિંહ સરવૈયા રાજપૂત સમાજ ભવન, ગોતા-ઓગણજ રોડ,
એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦
ફોન : ૭૩૫૯૪ ૪૪૪૮૮

## ઉત્સવ કાર્યક્રમ

### તા. ૧૩-૯-૨૦૨૫ શનિવાર (સાંજે)

- બપોરે ૪-૩૦ થી ૫-૦૦ પ્રવેશદ્વારથી ગુરુજીની બેઠક સુધી
- સાંજે ૫-૦૦ થી ૭-૩૦ લવાછા યુવક મંડળ સુરત દ્વારા હરિઃૐ ધૂન અને ભજનો
- સાંજે ૭-૩૦ થી ૯-૦૦ પ્રસાદનું આયોજન

### ૧૪-૯-૨૦૨૫ રવિવાર (સવારે)

- ૭-૦૦ થી ૭-૩૦ : ચા/કોફી, અલ્પાહાર
- ૭-૩૦ થી ૧૧-૦૦ : નમ્રતા સોની તેમજ સંગીતવૃંદ દ્વારા નિત્ય પ્રાર્થના, હરિઃૐ ધૂન, ભજનો અને આરતી
- ૧૧-૦૦ થી ૧૧-૩૦ : પૂજ્ય શ્રીમોટા વિશે ડૉ. કૌશિકભાઈ મહેતા ઉદ્‌બોધન કરશે.
- ૧૧-૩૦ થી ૧૨-૦૦ : આશ્રમનો અહેવાલ, આભારવિધિ
- ૧૨-૦૦ થી ૧૨-૩૦ : ગુરૂવંદના (અર્પણ વિધિ) મહાપ્રસાદ

**નોંધ :** તા. ૧૩-૯-૨૦૨૫ને શનિવારે બહારગામથી આવનાર સ્વજનોને ઉતારાના સ્થળે રાત્રિ રોકાણ માટે તેઓની સંખ્યા તા. ૧૧-૯-૨૦૨૫ (સાંજના ૬-૦૦) સુધીમાં નીચે જણાવેલ નંબર પર વ્હોટસએપ સંદેશો મોકલીને તેમ જ ફોનથી વાત કરવા વિનંતી

**અલ્કેશ આર. ભટ્ટ (એડવાકેટ) : ૯૮૨૫૦ ૪૮૮૯૧, જયશ્રીબેન આર. ત્રિવેદી : ૯૩૨૮૭ ૪૩૧૧૮**

**એએમટીએસ બસ કાલુપુરથી ૧૩૭ નંબર**

**એએમટીએસ બસ લાલદરવાજાથી ૭૧/૧ નંબર**

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશન

# હરિઃૐ ગુંજન

**'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)**

વર્ષ-૮, અંક-૧ માનદ્ તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ જુલાઈ-ઓગસ્ટ, ૨૦૨૫

## મોટાનું ખૂન ના કરો

**એટલે જીવું છું ત્યાં સુધી આવીશ. પ્રેમથી જેટલી મદદ થાય એટલી કરજો. ના થાય તોય મને વાંધો નથી, પણ તમારો ભાવ રાખજો. લાગણી રાખજો. મનમાં ઊંધા વિચારો ના રાખશો. ઘણાંએ મારાં ખૂન કરી નાખેલાં છે. એ તમને તમારે મોઢે કહું છું. પછી કોણ કહેશે ? શરીર નહિ હોય ત્યારે.** હવે ગુરુમહારાજ કહે છે, જે સાચું હોય તે લોકોને કહેજે. મને ચાહે કે ના ચાહે એની મને પરવા નથી. મારો ભગવાન મને ચાહનારો બેઠો છે. તમે તો શું ચાહો છો ? કાંઈ હિસાબ નથી, એમ કહું છું તમને. તમે શું મદદ કરો છો ? એના કરતાં ઘણા મદદ કરનારા મને છે, પણ તેથી તમને હું ભૂલી શકું એમ નથી, કારણ કે જ્યારે મને કોઈ ઓળખતું ન હતું, તે કાળથી નંદુભાઈ મળ્યા, ત્યારથી તમારો બધાનો સંબંધ છે.

*('દક્ષિણ ભારતના સ્વજનોને સંબોધન', પ્રથમ આવૃત્તિ, પૃ. ૫૩)*

## ભગવાનની ભક્તિ સ્વવિકાસ માટે કરો

હવે એના ઉપર હું આવીશ કે સમાજની જેમ મારા જીવનમાં મેં ઊણપો દૂર કરી છે. **સમાજને હું મારો ભગવાન ગણું છું, પરંતુ છૂટો પડેલો છે. એ ભગવાન વ્યક્ત થવાનું માધ્યમ છે. એ સમાજ માટે ભક્તિરૂપે કરું છું.** જેમ ભગવાનનાં ચરણકમળમાં ભક્ત સુવાસિત વિકસેલાં પુષ્પ પ્રેમભક્તિપૂર્વક અર્પે છે, તે ભગવાનને માટે નહિ પણ પોતાની ભક્તિને વ્યક્ત કરવાને માટે. ભગવાનને કાંઈ કોઈની ભક્તિ-બક્તિની કે પૂજાની પડી નથી. ભગવાનને તો કોઈ જાતની ઈચ્છા નથી. ભગવાન ક્યાં માગે છે તમારી પાસે ? **તમારો પોતાનો વિકાસ થવાને માટે એને ભજવું હોય તો ભજો. ભગવાન કંઈ કહેતો નથી. ભગવાને આપણને તો એટલી બધી સ્વતંત્રતા આપી છે કે તમે પાપ કરો, પુણ્ય કરો, નઠારું કરો, સારું કરો, જે કરવું હોય તે કરે જાવ. એ નઠારાને પણ ચાહે છે. દુષ્ટમાં દુષ્ટ, નિમ્નમાં નિમ્ન પ્રકૃતિને, ભયંકરમાં ભયંકર પાપ કરનાર ને પણ ભગવાન ચાહે છે. વિચાર કરો સાહેબ. અને આપણે એના તરફ અણગમો. સામુંય ના જોઈએ. એ ચાલશે નહિ. આપણે ભગવાનનું પ્રતિબિંબ છીએ. એવાને પણ નિમિત્ત સંજોગે મળવાનું થયું તો એમને પણ ચાહો, પણ એ આજે એવું નથી ચાલતું.**

*('દક્ષિણ ભારતના સ્વજનોને સંબોધન', પ્રથમ આવૃત્તિ, પૃ. ૩૧)*

WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

**ટ્રસ્ટીમંડળ**

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**

**આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭**
**રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**લવાજમ**

છૂટક નકલ : રૂ. ૧૦/- **વાર્ષિક** : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- **દસ વર્ષ** : રૂ. ૪૦૦/-

**પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક** : સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | સાધનામર્મ-૨ | શ્રીમોટા | ૫ |
| ૨. | સંતહૃદય | શ્રીમોટા | ૬ |
| ૩. | જન્મ્યા હોઈએ તે જ વખતે | શ્રી રમેશભાઈ ભટ્ટ | ૭ |
| ૪. | પૂર્ણપુરુષ મોટા | રમેશ મ. ભટ્ટ | ૯ |
| ૫. | ભાવનાત્મક લગ્ન જીવન | શ્રીમોટા | ૧૧ |
| ૬. | સંતનો સંવાદ | શ્રીમોટા | ૧૨ |
| ૭. | આધ્યાત્મિક પંથના પથિકને પાથેય પૂરું પાડતાં મૌન મંદિરો | શ્રી વિષ્ણુકુમાર દવે | ૧૫ |
| ૮. | શ્રીમોટાના જીવનમાં મહાત્માઓ | રતિલાલ કે. મહેતા | ૧૭ |
| ૯. | દિલ પ્રક્ટ્યા વિના રસવૃત્તિ ન ધરાવવી અશક્ય છે | | ૧૮ |
| ૧૦. | સંતકૃપા | શ્રીમોટા | ૧૯ |
| ૧૧. | ખ્રિસ્તી પાદરી અને શ્રીમોટાની તુલસીમાળા | રમેશ મ. ભટ્ટ | ૨૦ |
| ૧૨. | મારી સાધનાકથા | શ્રીમોટા | ૨૧ |
| ૧૩. | ‘અનુભવ’ | ડૉ. રમેશભાઈ મ. ભટ્ટ | ૨૪ |


**ગુરુપૂર્ણિમા ઊજવણી હરિઃૐ આશ્રમ, નડિયાદમાં કરવામાં આવશે.**
**યજમાન સર્વેશ્રી : આશીર્વાદ પરિવાર, વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદ અને**
**શ્રી જીતેન્દ્રકુમાર અમીન, પાંડવા પરિવાર**

૧. **તા. : ૧૦-૦૭-૨૦૨૫, ગુરુવાર** ૮-૦૦ થી ૮-૩૦ અલ્પાહાર, ચા-કોફી
૮-૩૦ થી ૧૨-૦૦ પ્રાર્થના, નામસ્મરણ, ભજન, આરતી, ગુરુવંદના

**નોંધ :** સ્વજનોની તૈયારી હશે તો તે જ જગ્યાએ મહાપ્રસાદ લીધા બાદ હરિઃૐ ધૂન ૪-૦૦ વાગ્યા સુધી કરવામાં આવશે. ત્યારબાદ નાસ્તો અને ચા-કોફી આપવામાં આવશે.

૨. **તા. ૨૨-૦૭-૨૦૨૫, મંગળવાર** **પૂજ્ય શ્રીમોટા દેહત્યાગ દિન** (સાંજના ૫-૦૦થી સવારના ૫-૦૦ વાગ્યા સુધી) ‘હરિસ્મૃતિ’, ફાજલપુર મહિસાગર નદીના કિનારે, ફાજલપુર, વડોદરા હરિઃૐ નામસ્મરણ મંદિર, નરોડા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. વધુ વિગતો સંબંધિત પાસેથી મેળવી લેવી.

## ૧. સાધનામર્મ-૨

– રમેશ ભટ્ટ

**પ્રત્યેક પળે સતત સમર્પણ;**
**સારું તેમજ નરસું, બન્નેનું.**

શ્રીમોટાએ 'સાધનામર્મ'ના આ બીજા સૂત્રમાં સમર્પણની સાધના સૂચવી છે. 'સાધનામર્મ'માં **પહેલું સૂત્ર જપ વિષે હતું** એમાં જપની રીત અને કક્ષા સૂચવાયેલી હતી. એને આપણે આગળનાં પ્રકરણમાં છૂટું પાડીને સમજવાનો પ્રયત્ન કર્યો. **હવે જપ પછી સમર્પણ એ આપણા વ્યવહારકાર્ય સાથે આદરવાનો એક ઊંચો પુરુષાર્થ છે. ''અર્પણ'' શબ્દ કરતાં ''સમર્પણ'' શબ્દ કયા ભાવાર્થમાં ચઢિયાતો છે એ સમજવું જોઈએ.** અર્પણની ક્રિયામાં આપણે આપણી પાસેની ચીજ-વસ્તુ સગાં-સંબંધી, સ્નેહી કે પરિચિતને આપીએ છીએ. એની પાછળ વ્યવહાર છૂપાયેલો હોય છે. **અર્પણ કરનાર તથા લેનાર એ પરસ્પર વચ્ચે અર્પણ વખતે જે પ્રકારના ભાવ હોય છે એમાં સંસારીપણું છુપાયેલું છે. આપણે સંસારમાં છીએ, ત્યાં સુધી સંસારીભાવથી અર્પણ પણ ઉમળકાથી કરવું જોઈએ.**

**સમર્પણ વધુ ઊંચી સૂક્ષ્મ પ્રક્રિયા છે. જેણે સંસારી ભાવની પકડમાંથી છૂટવું છે અને ચેતનાભાવનો અનુભવ કરવો છે એને માટે સમર્પણ એ એક અનિવાર્ય સાધના છે.** સમર્પણથી પણ ચઢિયાતી સ્વાર્પણની વિધિ છે અને એથીય આગળ જતાં સર્વાર્પણ આવે છે. **સર્વાર્પણ અને સ્વાર્પણ એ સાધનામય જીવનની ઊર્ધ્વકક્ષામાં થતાં હોય છે.** પરંતુ જે જીવનવિકાસ ઝંખે છે અને એ દિશામાં પાપા પગલી માંડવા તૈયાર થાય છે એને માટે સમર્પણ અનિવાર્ય છે.

**''સમર્પણ'' એ કેવળ પ્રભુને કરાતું હોય છે. પ્રભુ પ્રત્યેક પળે આપણી સાથે છે એવી સભાનતા રહ્યા કરે એ પણ આ સમર્પણનો હેતુ છે.** સમર્પણ એ કોઈ ચોક્કસ સમયે કરવાની આંતરિક વિધિ નથી. પરંતુ સતત કર્યા કરવાની સાધના છે. **શ્રીમોટાએ ''પ્રત્યેક પળે સતત સમર્પણ'' એવા શબ્દો દ્વારા આપણને સમજાવ્યું છે કે સાધના સાતત્યવાળી હોવી જોઈએ (સતત હોવી જોઈએ) અને ''પ્રત્યેક પળે'' એ કરવાથી કાળ ભગવાન સાથે સંવાદ સધાતો હોય છે.** કોઈપણ સાધકે પોતાનાથી થતા સમર્પણનું પરિણામ કલ્પવું જોઈએ નહિ, કેમ કે સ્થળ, સમય અને સંયોગ એ સતત સાધનાથી પ્રત્યેક પળના સમર્પણથી આપમેળે એકબીજાને સહાયક થઈને ઘટતું પરિણામ સાધકના અંતરમાં નીપજાવે છે.

**વ્યવહારમાં આપણે કોઈ ચીજ-વસ્તુ કે પૈસા અર્પણ કરી દઈએ છીએ. પરંતુ સાધક તો પ્રભુને જે આપે છે તે આવું કશું સ્થૂળ હોતું નથી, એ તો પોતાનામાંથી નીપજતું, પોતાનાથી થયે જતું પ્રભુને સમર્પિત કરે છે. આ સૂક્ષ્મક્રિયાને સમર્પણ તરીકે ઓળખવી જોઈએ.** સમર્પણ વેળાએ આપણે કેવો ભાવ ધારણ કરવો જોઈએ ? આપણું સાધનાકાળનું જીવન એ દ્વંદ્વના વેગવાળું એટલે કે હર્ષ અને શોક, આનંદ અને કલેશ, સુખ અને દુઃખ વગેરે વાળું હોય છે. સાથે-સાથે પ્રકૃતિના ત્રણેય ગુણો એટલે ''સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ''ના મિશ્રણવાળું છે. આથી આપણાં મન, મતિ, પ્રાણ (વૃત્તિઓ)ની ગતિ દ્વંદ્વ અને ગુણથી વર્તતી હોય છે.

આથી મનમાં જાગતા વિચારો અને બુદ્ધિમાં જાગતી શંકા, દલીલ વગેરે અને જુદા જુદા પ્રકારની કામ અને ક્રોધની વૃત્તિઓ આપણને ઓળખાતી થાય છે ત્યારે એના પ્રત્યે આપણા કેટલાક અભિપ્રાયો જોડાઈ જતા હોય છે. વિચારો તથા વૃત્તિ પણ સારી અને નરસી હોય છે, એવા ખ્યાલો આપણામાં છે. આ ઉપરથી અર્પણને આપણી કક્ષા વિષેના વિચારો દૃઢ થતા હોય છે. સમર્પણ વિધિ એ એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા આપણા આવા અભિપ્રાયો ઘટતા જાય છે. જીવનવિકાસ ઝંખતા સાધક માટે શરૂઆતમાં સારું-નરસું એવાં દ્વંદ્વ રહેવાનાં. આથી ઘણીવાર પ્રભુને સારું જ સમર્પણ કરવું એવો ખ્યાલ આપણામાં રહ્યા કરે છે. પરંતુ સમર્પણની પ્રક્રિયામાં પ્રભુને કેવળ સારાનું જ સમર્પણ કરવું એ અઘરું છે. કેમ કે આપણાં મન, બુદ્ધિ અને પ્રાણમાંથી જે કાંઈ જાગે છે એનું

**અનુસંધાન પેજ નં. ૨૬ પર**

**બીજાનો આધાર ન શોધો**

**સ્વજન :** સાધનાના ક્ષેત્રમાં બીજાના સહારા વિના આગળ જ ન વધાય એમ કહેવાયું છે, એનો શો અર્થ થતો હશે ?

**શ્રીમોટા :** ગીતાજીમાં એક શ્લોક છે.

**'યો યથા મામ્ પ્રપદ્યંતે, તાન તથૈવ ભજામ્યહમ્'**

**મને જે રીતે જે કોઈ ભજે છે, તેને તે રીતે હું ભજું છું.** સાધનાનો આ મૂળ પાયો છે. **ભગવાન પોતે આપણને મદદ કરવા તૈયાર છે.** તે ગીતાના આ વાક્યમાંથી સાબિત થાય છે. આપણા પોતાનો જ આપણે ઉદ્ધાર અને વિનાશ બંને કરી શકીએ. પોતે પોતાનો જ મિત્ર અને શત્રુ છે, એ પણ ગીતાના એક શ્લોકનો અનુવાદ છે.

**સાધનાના ક્ષેત્રમાં બીજાના ઉપર આધાર રાખવાની વાત બહુ પ્રમાણભૂત નથી. એ તો જગતનાં લૂલાં માનવીઓએ શોધેલું એક મિથ્યા આશ્વાસન માત્ર છે. આપણે પોતે જ મથવું જોઈશે. દિલનો દિલમાં દિલથી સાચો ખરેખરો સંપૂર્ણ મૈત્રીભાવ પ્રગટી શકે તોપણ કામ બને ખરું. એટલે આપણે ભગવાનનું સ્મરણ કરતા રહીએ અને મૈત્રીભાવ કેળવતા રહીએ.** આમાં નિરાશ થવાનું કશું કારણ નથી. જે કરવાનું હોય તે કર્યા કરીએ, તો ગતિ થયા વિના ના રહે. સ્મરણ, પ્રાર્થના, ભજન, સત્સંગ, સદ્વર્તાવ, સદ્વાંચન આ બધાંનો વારાફરતી પ્રયત્ન કર્યા કરીએ અને ભાવનાનું અવલંબન લીધા કરીએ, આમ કર્યા કરવામાં જ માનવું એ જ શ્રેયનો માર્ગ છે.

**ભૂમિકા લક્ષણ**

**સ્વજન : કેટલાક કલાક લગી સ્મરણ કરીએ તો આપણી ભૂમિકા ઊર્ધ્વકક્ષાની થાય ?**

**શ્રીમોટા :** આખા દિવસના સમય દરમિયાન સાત કલાક સ્મરણ થઈ શકે. અથવા તો સમયના તેટલા તબક્કામાં એનું સ્મરણ ચાલ્યા કરે, તો તેવો જીવ ચૌદ ભૂમિકાઓમાંથી છટ્ઠી ભૂમિકાવાળો કદાચ કહી શકાય, કારણ કે **રોજનું છ-સાત કલાક જે જીવ ભગવાનનું સ્મરણ કરે તેને જાણ્યે-અજાણ્યે પણ ભગવાનનું** ભજન કરવાની થોડી ઘણી પણ ભૂમિકા પ્રગટેલી છે તેમ ગણાય. ભગવાનનું સ્મરણ કરવાને જેને દિલે પ્રગટે છે ત્યારે કર્મના વખતમાં અને વાતચીતના સમયમાં પણ તે તેમ જરૂર કરી શકે છે. **આપણે ઉત્સાહ, ખંત અને ઉદ્યમ કેળવી કેળવીને વધુમાં વધુ ભગવાનનું સ્મરણ થઈ શકે તેવો અભ્યાસ પાડતા રહી તેવો પ્રયત્ન કરતાં રહેવું.**

*('સંતહૃદય', ત્રીજી આવૃત્તિ, પૃ. ૪૮-૪૯)*

**સંસારની ઘટમાળમાં કર્મોની રીત**

**સ્વજન :** મોટા, સંસારના આ પ્રવાહમાં કર્મોમાંથી જ ઊંચા અવાતું નથી. આ કર્મ કરતાં કરતાં એમાં જ ખૂંપી જવાય છે. **કર્મ કરતાં પ્રભુની કૃપાનો અનુભવ કેવી રીતે થાય ?**

**શ્રીમોટા :** સંસારની ઘટમાળ તો ચાલ્યા જ કરવાની. તેનો કદી અંત નથી. આપણે સંસારની ઘટમાળમાં હોવા છતાં સંસારની ઘટમાળની મર્યાદામાં જકડાઈ ના જઈએ, બંધાઈ ના જઈએ, અને તે સંસારની ઘટમાળનાં કર્મોને શ્રીભગવાનનાં ચરણકમળે સમર્પણની પુષ્પાંજલિ તરીકે ભેટ મૂકવાના એવા ઉપયોગના હેતુના જ્ઞાનભાનથી તે બધું કર્યા કરીએ અને એવી રીતે સમર્પણના ભાવથી જે કર્મો પ્રભુપ્રીત્યર્થે પ્રગટે છે તેવાં કર્મો ભલેને સંસારની ઘટમાળમાં હોય, તો પણ તેવાં કર્મો ભગવાન પરત્વેની અભિમુખતા પ્રગટાવવાને માટે બહુ મોટું સાધન બની જાય છે.

**આપણે કર્મ તો કરવાનાં જ છે, તો પછી કર્મથી સાચી અભિમુખતા પ્રગટે તે રીતે અને તે ભાવે પ્રભુકૃપાથી કર્મ કરવાં. તેવાં કર્મથી આપણામાં ભગવાન પરત્વેની તેવી ભાવના સજીવ બને છે. એ લાભ જે જીવ જીવનને સાર્થક કરવા ઈચ્છે છે, તેને માટે કંઈ જેવો**

અનુસંધાન પેજ નં. ૨૩ પર

## ૩. જન્મ્યા હોઈએ તે જ વખતે

– શ્રી રમેશભાઈ ભટ્ટ

**જ્યારે જન્મ્યા હોઈએ તે જ વખતે અનેક જન્મનું આપણે સાથે લઈને આવેલા હોઈએ.**

એ ઉપરાંત જે અનેક જન્મનાં કર્મો, સંબંધો અને અનેક પ્રકારનાં **પૃથ્વીના ગુણોનાં (સત્ત્વ, રજસ અને તમસ) અને તત્ત્વો-આકાશ, તેજ, વાયુ, જળ અને પૃથ્વી-એ** બધાંયનાં આકર્ષણો એ વખતે આપણી સાથે છે. ઉપરાંત આપણે કરેલાં કર્મોનાં સંસ્કારો પણ સાથે હોય છે. **આપણે પરમાર્થ માટે કરેલું કર્મ હોય છે. તે કર્મના સંસ્કાર પણ સાથે છે.**

આટલું બધું આટલામાં આવે કેવી રીતે ? એનું પ્રમાણ આપ્યું 'અંગુષ્ઠ છે.' **શાસ્ત્રમાં સૂક્ષ્મ શરીરને 'અંગૂઠા' જેવડું ગણાવ્યું છે. પણ ઈન્વીઝીબલ-દેખી શકાય એવું નહિ.** પ્રમાણ તો એટલું જ. **ઈટ હેઝ ગોટ એ લેન્થ બટ નો બ્રેથ-જેમ** આપણે ભૂમિતિમાં શીખેલા એના જેવું છે. એમાં અનેક જન્મોની લીંક (= સાંકળ) છે.

આજે મારા શરીરની વાત કરું તો મારા શરીરની લીંક આજે પહેલેથી-શરૂઆતથી છે. એનો પુનરોદ્ધાર અથવા એનું ફરીથી ઊઠવું અને જાગવું-એનું સંભારણું આવા કોઈક કોઈકને થાય છે ખરું. બધાંને થતું નથી. તો એવા કોઈકને થાય છે એની ખાતરી કોઈને આપી શકાય નહિ. એની ખાતરી એ એકલો પોતે જાણી શકે. બીજા કોઈકને કદાચ બતાવી શકે ખરો. પણ એ બધી માન્યતાની વાત રહે છે. પણ રીયાલીટી નહિ.

આ જ જન્મમાં બીજા સાથે બનેલી વાત હોય તો બતાવી શકે. આવા પુરુષોને કોઈ બતાવી આપીને ખાતરી આપવાની કોઈ દિવસ મહેચ્છા હોતી નથી. કોઈ નિમિત્ત આવે અને એવો કોઈ પ્રસંગ આવે તો જુદી વાત છે. તે એ કરતો હોતો નથી, પણ તે આપમેળે બની જતું હોય છે. **એટલે જન્મદિવસનું રહસ્ય એ છે કે અનેક જન્મોના સંસ્કાર આજે સ્ફોટ થાય છે. પણ સામાન્ય જીવને આની સમજણ પડતી નથી. પણ જે જરાક એડવાન્સ (=આગળ વધેલો) છે-આઠમી નવમી ભૂમિકા સુધી વધેલાને એનું જ્ઞાન હોય છે.**

જન્મદિવસનું મહત્ત્વ આપણે ત્યાં આ કારણે પડેલું. ઘણાંને થાય છે કે આ જન્મદિવસ ઉજવવાનું શું ? આ લાડવા કર્યા. મિષ્ટાન્ન કર્યું ને ખાધું. એથી શું વિશેષ ? આ જન્મદિવસ તો બીજા બધાનાં જેવો જ છે ! એમાં શું ? પણ આમાં ઘણો ફરક !

**આપણે જન્મ્યા તે દિવસ અને બીજા દિવસો-એની વચ્ચે ફરક છે. કારણ કે આપણને સામાન્ય દિવસનું જે જ્ઞાન છે એવું જ આ દિવસનું જ્ઞાન હોય છે. આપણને એમાં કંઈક ફરક લાગતો નથી, પણ આગળ વધેલાને જ સમજણ પડે છે ! તે દિવસે એને શરીર એનું એ જ દેખાય છે પણ તે દિવસે એનું શરીર જુદા પ્રકારનું છે. સંસ્કારોનું ઉદય વર્તમાન થવું એક વાત છે અને તેનું ભાન થવું એ બીજી વાત છે. એવી રીતે જન્મદિવસનું મૂળ રહસ્ય છે.**

અનંતકાળથી આ થતું આવેલું છે એ આ જન્મદિવસે-એનો પહેલો સમય અને બીજુ બધું સાનુકૂળ હોય છે. એની લીંક હોય છે ને !

**જ્યાં એની વધારે આસક્તિ હોય ત્યાં જન્મ લે. ગમે ત્યાં ન લે. કોઈ અજાણ્યું સ્થળ ભલે હોય પણ એને ત્યાં લગની લાગેલી હોય તો એ ત્યાં પણ જન્મ લે !**

**મૂળ એને જ્યાં ઘણો મોહ, લાગ્યો હોય ત્યાં એ જન્મ લે. જીવદશાવાળો જીવ છે. એટલે ઘણો મોહ, ઘણી લગની, ઘણો રાગ જ્યાં એને લાગેલો હોય ત્યાં એ જન્મ લે.**

**આ જન્મદિવસના દિવસથી શરીરમાં જે ફેરફારો થાય તે બધા વધારે સર્જનાત્મક-વધારે પ્રગતિશીલ થાય.**

તે દિવસે સામાન્ય કરતાં કંઈ કશું વધારે રચનાત્મક છે. એ શું રચનાત્મક છે એનું આકલન આપણે સ્પષ્ટ ન કરી શકીએ. પણ જો એને વધારે ને વધારે રચનાત્મક કરવું હોય તો તે દિવસથી આપણે કંઈ કશું તે તરફનું ને તે અર્થેનું - **ક્રિયાત્મક કંઈક કશું રોજ ને રોજ નિશ્ચિત સ્થળે ને નિશ્ચિત સમયે કર્યા કરવું જોઈએ. દિશા કાં તો પૂર્વ કે દક્ષિણ, પૂર્વમાં સૂર્ય ભગવાન છે અને દક્ષિણ એટલે જ્ઞાન, બેમાંથી ગમે તે એક દિશાએ**

**બેસીને જેટલો વખત બને એટલું સાધન કર્યા કરવું જોઈએ. બાકીનાં વખતમાં હાલતાં ચાલતાં, હરતાં ફરતાં કામ કરતાં કર્યા કરવું જોઈએ. તો એને જ્ઞાન થતું જાય. જ્ઞાન ક્યારે શરૂ થતું જાય ? જીવદશાની વૃત્તિઓ જેમ જેમ મોળી પડતી જાય એમ એમ જ્ઞાન થતું જાય અને પછી એ વૃત્તિઓનો સ્વામી થઈ જાય. અત્યારે આપણે વૃત્તિઓના ગુલામ છીએ.** વાર લાગે. પણ એ તરફનું ક્રિયાત્મક વલણ જોઈએ. માનસિક કે બૌદ્ધિક હોય તે નહિ ચાલે. પણ જ્ઞાનપૂર્વકનું-હેતુપૂર્વકનું ક્રિયાત્મક વલણ હોવું જોઈએ. **આપણે આ દશા પ્રાપ્ત કરવા આ કરીએ છીએ-એવું ભાન હોવું જોઈએ.**

**એવી રીતે જો આપણે આમ કર્યા કરીએ તો જ આપણે જન્મદિવસનો ઉપયોગ કર્યો કહેવાય.** એ પછી આપણો બીજો જન્મ આવે ત્યારે વધારે રીગરસ બનીએ છીએ. આમ જન્મે જન્મે ક્લેરિફિકેશન (=સ્પષ્ટતા) થાય. કોઈ ગમે તેવું કહે તોપણ તમે એમાંથી ખસી જ ના શકો. અત્યારે જે કોઈ આર્ગ્યુમેન્ટ (=દલીલ) કરે તો તમને એ ફેરવી શકે. પણ પેલી સ્થિતિ એવી થાય કે જેમાંથી તમે બિલકુલ છૂટા થઈ શકો જ નહિ. એ ક્લેરિફિકેશન એટલું બધું મજબૂત થઈ જાય.

**ધીરે ધીરે આપણે જો એનું રહસ્ય સમજ્યા કે મનુષ્યનું શરીર મળ્યું છે એનો કોઈ હેતુ છે. એને સફળ કરવા માટે આપણે કોઈ ને કોઈ સાધન પકડવું જ જોઈએ. જન્મદિવસથી શરૂઆત કરીએ તો ઉત્તમ છે. પણ આ માટે એ જ દિવસ જોઈએ એવું કંઈ નથી. જ્યારથી સમજ્યા ત્યારથી શરૂઆત કરવી.**

જન્મદિવસનું મહત્ત્વ એટલા માટે કે અનેક જન્મો આ રીતે ગાળ્યા છે. આપણે માત્ર ઉપલા મનના જાણકાર છીએ. પણ અજ્ઞાતમનમાં એનું સ્મરણ જાગતું હોય છે, પણ આપણે એના જાણકાર નથી. એ તો જ્યારે અગિયારમી ભૂમિકા આવે ત્યારે એને સમજણ પડે છે. અનુભવ સ્થિતિમાં તો આનું વિશેષ જ્ઞાન થાય છે. ત્યારે એનું શરીર એનું એ હોવા છતાં પણ અનુભવના દિવસે એનું શરીર જુદા પ્રકારનું હોય છે. એ વાત એટલી જ સાચી છે.

*('વસંતે બહાર', પ્રથમ આવૃત્તિ, પૃ. ૬૮-૭૧)*

ભાવનાયુક્ત વર્તન

**કોઈને પણ તે તે વ્યક્તિ તરીકે ન અનુભવો; ને તે જીવને તેની પ્રકૃતિની રીતે આપણે જોવાની, સમજવાની ટેવ સમૂળગી ત્યજી દેવાની છે, એવી ટેવ રહી તો મનજીભાઈ આપણને અશાંતિ, ક્લેશ, સંતાપ વગેરેના સમુદ્રમાં ડુબાડી દેશે. ને તેમ થયું તો આપણે પછી ઊંચે આવી રહ્યા.** તારે આ જીવ પર સદાય કૃપા કર્યા કરવી. તને સદાય નમ્રમાં નમ્ર છતાં ઉન્નત મસ્તકે સર્વની ઉપર તર્યા કરતી અનુભવી શકાય એવું અમારું સદ્ભાગ્ય તું સંપડાવજે એવી તને અમારી હૃદયની વિનંતી છે. અમારે પ્રભુકૃપાથી મળેલાં સ્વજનનાં તેવાં તેવાં યોગ્ય વર્તનથી જીવનમાં શાતા પ્રકટાવવી છે. જીવરૂપે હતા, ત્યારે સાધનામાં ચેતનપ્રાણ પ્રકટાવવા કાજે જે ગુણોની જરૂર હતી તે તે બધા સાધનાનાં બળવત્તર સ્વરૂપ પ્રકટતાં પ્રકટતાં, ને તેમ તેમ ઉપયોગ ભાવે જીવવાનું થતાં, તે તે બધા પ્રકટતા જતા અનુભવાયા છે. તે વેળા કેવી શાંતિ, સમતા, શાતા આદિ ભૂમિકા જીવતી રહ્યાં કરતી ! (પણ તેનો હેતુ તો ચેતનને પ્રકટાવવા, અનુભવવા કાજેનો.) **આજે સ્વજનના જીવનના તેવા જ્ઞાનભક્તિપૂર્વકના જીવનવિકાસની ભાવનાને યોગ્ય થતી રહેતી સાધનાને ફલિત કરી શકે એવા જીવનના વર્તન-વ્યવહારથી કરી આ જીવ શાતા ભોગવવા એની કૃપાથી વાંછી રહેલો છે તે જાણજે.** તમારાંમાં **બધાં વડે કરીને હવે જીવવું છે તો જીવવું છે. માટે તમે બધાં કૃપા કરીને જિવાડજો. વધારે શું કહું ?** સ્વજનોની દુનિયામાં જો ન્યારા ન્યારા રહીને પ્રભુકૃપાથી સ્વજનોમાં જીવનકાળ જો ન પ્રકટેલી હોય, તો તો તે તેમની સાથે મૂઓ જ પડ્યો સમજવો. **જીવનવિકાસ કાજે જો તમે બધાં સાથે જ આ જીવનાં સ્વજન થયાં હો, તો ઉપર પ્રમાણે ભાવનાયુક્ત વર્તન કરી કરી એવી દક્ષિણા અમારે ચરણે આપો એવી અમારી ભિક્ષા છે.** પણ તે પ્રેમજ્ઞાનપૂર્વક કોણ આપે છે ? અહીં તો કંઈ કાળના ભૂખ્યા ભૂખ્યા પડી રહેલા છીએ !

*('વસંતે બહાર', પ્રથમ આવૃત્તિ, પૃ. ૯૬)*

# ૪. પૂર્ણપુરુષ મોટા

– રમેશ મ. ભટ્ટ

સને ૧૯૫૩ની દિવાળીની આસપાસ અસારવામાં રહેતા મારા વકીલ મિત્ર શ્રી શાંતિલાલ પટેલે મને કહ્યું કે ગાંધીઆશ્રમમાં એક સંતપુરુષ આવેલા છે તેમના દર્શન કરવા જેવાં છે. આ વાત કર્યાને બે ચાર દિવસ બાદ વહેલી સવારમાં સ્વપ્ન આવ્યું. તે સંતપુરુષ એક ઓરડીમાં ખાટલા ઉપર ભીંતે તકિયો અઢેલીને માથે સાફો બાંધેલા બેઠા છે અને હું તેમનાં ચરણે વંદન કરી રહ્યો છું.

આ વાત શ્રી શાંતિલાલને જણાવી કહ્યું : 'આજે તે સંતપુરુષનાં દર્શન કરવાં છે. આમ એ બન્ને જણા કોર્ટમાંથી સાંજના હરિજન આશ્રમે ગયા. તે વખતે હું પૂ. મોટાને ઓળખતો ન હતો કે તેમના વિશે કંઈ જાણતો ન હતો. જ્યારે અમે બંને જણા ગયા ત્યારે તેઓ મીરાંબહેનવાળી ઓરડીમાં, સ્વપ્નમાં જોયા એ જ સ્થિતિમાં બેઠા હતા. અમે ચરણવંદન કર્યા અને બેઠા. આ પ્રસંગથી હું તેમના સંસર્ગમાં આવ્યો અને ત્યારથી પૂ. મોટાનાં દર્શન કરવાનું અવાર-નવાર બનતું રહ્યું.

આ પ્રસંગ બાદ પૂ. શ્રીમોટા તા. ૨૮-૧૨-૫૩ના બે-એક દિવસ અગાઉ વહેલી સવારે મારે ત્યાં પધારેલા. આ તેમનો અનુગ્રહ અને પ્રેમ. એમને ભેટ ધરેલી રકમ તા. ૨૮-૨-૫૩ના રોજ મને પરત મોકલી આપી તેથી હું વિસ્મય પામ્યો ! અને વિચાર આવ્યો કે કોઈ સાધુ-સંતને ભેટ કરેલી રકમ તે પરત તો ન જ કરે. તો પૂજ્ય શ્રીમોટાએ આમ કેમ કર્યું હશે ? આ સમયમાં પૂ. શ્રીમોટા અમદાવાદમાં અને બલ્કે ગુજરાતમાં આજના જેટલા ખ્યાતિમાં ન હતા. આ પ્રસંગનું ગૂઢ રહસ્ય તેઓ પોતે જ જાણે. હા તેઓએ તેમના પત્રમાં મને જણાવેલ કે પરત કરેલ રકમ બૅંકમાં કે પોસ્ટ ઑફિસમાં જમા કરાવવી અને દર માસે રૂા. ૧૫ થી ૨૫ની રકમ જમા કરાવવી. શરૂઆતમાં તે મુજબ પ્રયત્ન કરેલો. પણ પાછળથી તે નિયમ જળવાઈ શકેલ નહીં. આ પ્રસંગથી મને એમ લાગેલું કે પૂ. શ્રીમોટા એક નિઃસ્પૃહ સંતપુરુષ છે.

નડિયાદમાં તે પછી હરિઃૐ આશ્રમની સ્થાપના કરવામાં આવેલી. એટલે તેમનાં દર્શન માટે ત્યાં જતો.

એક દિવસ પૂ. શ્રી નંદુભાઈના મોટાભાઈ શ્રી વાડીભાઈ સાથે નડિયાદ દર્શાનાર્થે ગયો. ત્યારે તેમ જ બીજી અનેક વખત સ્વપ્નમાં પૂ. શ્રીમોટાનાં દર્શનના પ્રસંગ જોયેલા. આવાં સ્વપ્ન અવાર-નવાર બે-ત્રણ માસના અંતરે આવ્યા જ કરતાં, હજુ પણ આવે છે.

સ્વાભાવિક રીતે પ્રશ્ન એ થાય કે આવા પ્રસંગો જીવન પર શી અસર કરે ? આમ તો હું વકીલાત કરું છું અને રાજકરણમાં પડેલો છું, એટલે સ્વાભાવિક રીતે જીવન વ્યવહારમાં રાગદ્વેષ ભરેલા હોય છે. પરંતુ સને ૧૯૫૩થી પૂ. શ્રીમોટાના સંસર્ગમાં આવ્યા બાદ આ પ્રકારના રાગદ્વેષ ઓછા થયેલા અનુભવ્યા છે. એટલું જ નહિ પરંતુ પહેલાં જે દોડાદોડની પ્રવૃત્તિમાં રહેતો તે આપોઆપ ઓછી થઈ ગયેલી મેં અનુભવી છે. નામસ્મરણ તરફ અભિરુચિ વધતી ગઈ છે. એકલા પડતાં પ્રભુસ્મરણ તરફ મન દોડે છે. બીજાઓની સાથે બેઠા હોઈએ ત્યારે શૂન્યમનસ્ક બેઠા હોઈએ તેવું લાગે. તેમની વાતમાં ખાસ રસ પડે ની, જે કંઈ કામ કરવાનું હોય તે આંતરિક ઉદાસીનતા સાથે પણ પ્રેમપૂર્વક કરાય છે.

એક દિવસ પૂ. શ્રીમોટાને સ્વાભાવિક વાત કરી કે અમુક પ્રકારે અપ્રમાણિક વર્તન કરવાથી પૈસા મળે

તેમ છે તો પૂ. **શ્રીમોટા કહે તે રીતે પૈસા આપણે મેળવવા નથી. 'ભલે આપણને લોકો ડફોળ કહે. તેથી કંઈ નાસીપાસ થવાનું ન હોય.' મૂળથી જ અપ્રમાણિક રીતે પૈસો ન મેળવવો તેવી નીતિ રહેલી.** તેમાં પૂ. શ્રીમોટા આ રીતે પ્રોત્સાહન આપતા રહેલા છે. પૂ. શ્રીમોટાને હું સર્વાધિક અને સર્વજ્ઞ માનું છું. આ દર્શન તેમનાં પુસ્તકો વાંચવાથી થયેલું છે. તેમના પુસ્તકોમાં તેમના ગુરુ સાથેના વ્યવહાર અંગેના તથા ચમત્કારો વિષે જે ઉલ્લેખો કરેલા છે તે પ્રસંગો કોઈ સાધારણ વ્યક્તિના સામર્થ્યની વાત નથી. **પણ એક પૂર્ણ પુરુષના સામર્થ્યની વાતો છે.** પૂ. ગાંધીજી તેમના જીવન દરમ્યાન ઘણી વખત જાહેર સભામાં બહેનો પાસેથી સોનાના ઘરેણાં હરિજન કાર્યો માટે ઉતરાવતા હતા. તે વાત આપણે સારી રીતે જાણીએ છીએ. તેમના પછી જાહેર સભામાં બહેનો પાસેથી આજના સમયમાં તેમના સોનાના દાગીનાઓ ઉતરાવતા મોટાને મેં નજરે જોયેલા છે અને બહેનોએ હસતે મોઢે પોતાના દાગીના ઉતારી આપેલા છે. તે પણ કોઈ રોક-ટોક વગર. **શું આ હકીકત પૂર્ણ પુરુષના સામર્થ્ય સિવાય બની શકે ?**

પૂ. શ્રીમોટાના જીવનનું જો સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોકન કરીએ તો આપણે સૌને એ એક સામર્થ્યવાન પૂર્ણપુરુષ છે તેમ લાગ્યા સિવાય રહે જ નહીં. પૂ. શ્રીમોટાનું શરીર ઘણા રોગોનું હાલતું ચાલતું પ્રદર્શન હતું. આદરેલ પ્રવૃત્તિઓને પરિપૂર્ણ કરવા માટે સેંકડો માઈલોની મુસાફરી મોટરમાં કરવા છતાં તેઓ સ્વસ્થ, શાંત અને હસમુખા રહેતા. **આથી તેઓ પ્રકૃતિથી પર વિચરતા હોય તેમ લાગે. તેઓ કાળચક્રની ગતિને પારખતા. કામથી થતાં પરિવર્તનો તેમને અસ્વસ્થ કરી શકતાં ન હતાં. તેઓ પોતે જ પરાકાષ્ઠા હતા.** તેઓ સ્તુતિ-નિંદાથી પર હતા. તેઓને કોઈ પાર્થિવ પ્રેમ ન હતો. તેઓ ગગનસ્પર્શી હતા. તેમની પ્રવૃત્તિઓનો તાગ કાઢવો પણ આપણા જેવાઓ માટે મુશ્કેલ છે. પૂજ્યશ્રી પૂર્ણપુરુષ હોવા છતાં સંખ્યાબંધ દુન્યવી પ્રવૃત્તિઓ તેમણે આદરી હતી. ખરી રીતે તેમણે જે પ્રવૃત્તિઓ આદરી છે તે સરકારે કે ધનિક વર્ગે આદરવી જોઈતી હતી. મોટાની પ્રવૃત્તિઓ માટે જોઈતાં નાણાં એ આ મધ્યમ વર્ગનાં માણસો પાસેથી ભેગાં કરતા. કોઈ ધનિકે કે મહાજને તેમની વિવિધ પ્રવૃત્તિઓ માટે ઉમળકો બતાવેલ નથી. તે છતાં આજદિન સુધીમાં એક કરોડ ઉપરાંત રૂપિયા જેવી રકમ ભેગી કરી જુદી જુદી પ્રવૃત્તિઓ અંગે વિવિધ સ્થાનિક, પ્રાન્તીય કે દેશવ્યાપી સંસ્થાઓને દાન આપ્યાં છે. તેમાં પોતાના નામનો ઉપયોગ સરખો પણ કરેલો નથી.

છેલ્લે કેટલાંક વર્ષથી પૂજ્યશ્રી જાહેરમાં કહેતા કે બહું જ કપરો કાળ આવી રહ્યો છે. હજુ તો પાશેરામાં પહેલી પૂણી છે, માટે સમાજે જાગૃત થઈ સમાજોત્થાનનાં કામમાં પોતપોતાના ગજા પ્રમાણે મદદ કરવી જોઈએ. પરંતુ પૂજ્યશ્રીની આગાહી પર કોઈનું લક્ષ્ય ખેંચાયું નથી. આજે ખરેખર કપરો કાળ આવી રહ્યો છે. તેની ખાત્રી કરવા જુઓ તા. ૧૨-૧૧-૮૨ના હરિવાણી અંકમાં પૂ. શ્રીમોટાના છપાયેલાં બે કાવ્યો 'હવે બળવો' અને 'બચી શકવાનું ન કોઈ' આ છે. પૂ. શ્રીમોટાની આગાહીઓ. આપણે તે અનુભવીએ છીએ, ખાવા માટે પૂરતું અન્ન નથી. પીવા પાણી નથી. ઢોરો માટે ઘાસ નથી. શહેરોમાં આની અસર ઓછી દેખાતી હશે. પરંતુ ગામડાઓમાં વિશેષ પરિસ્થિતિ સર્જાઈ ચૂકી છે. તેની વ્યાપક અસર ઉનાળાના કપરા દિવસોમાં સૌ કોઈને થશે. પૂ. શ્રીમોટાના વિચાર અનુસાર જીવન ગોઠવવા પ્રભુ આપણને આશીર્વાદ આપે.

*('હરિવાણી' નવેમ્બર, ૧૯૮૩, પૃ. ૧૭-૧૮)*

## ૫. ભાવનાત્મક લગ્ન જીવન

- શ્રીમોટા

**સ્વજન :** આ ઉપરથી તો એમ સમજાય છે કે **લગ્નજીવનના ચિરંજીવ સુખાનંદના અનુભવ માટે પ્રત્યેકે ભાવનાત્મક જીવન જીવવા મથવું જોઈએ, પણ મથનારા બધા જ જીવો શું આ જીવનમાં એવો ઉચ્ચ જીવનનો ઉચ્ચ આનંદ પામી શકે ખરા ?**

**શ્રીમોટા : પ્રત્યેક જીવમાં શિવ થવાની શક્તિ રહેલી જ છે.** પ્રત્યેક જીવ શિવ થઈ શકે છે. એવો આત્મવિશ્વાસ આપણામાં જાગવા દો. એવું શિવપણું જો પ્રત્યેક જીવમાં ન હોય તો આપણો કોટિમાં અવતાર થઈ શક્યો ન હોત. **પ્રકૃતિની આ શક્તિ સાથે આપણે કલ્યાણમય-શિવ થવા જ પૃથ્વી ઉપર જન્મ્યા છીએ,** પણ કોઈ જીવ ક્યારે શિવ થઈ શકશે એ માટેની સમયમર્યાદા ન આંકી શકાય. **તેથી કરીને તે જીવ પોતાનો જીવસ્વભાવ બદલી શકવાનો જ નથી, એમ માની લેવું તે પણ યથાર્થ નથી.** એની અવધિની કોને ખબર છે ? કાલે પણ બદલાય ! અજામિલ, ગીધ, વ્યાધ, સુરદાસ (બિલ્વમંગળ) વગેરેની દેખીતી પ્રકૃતિની પાછળ કોઈ ગૂઢ અગમ્ય દૈવી સંસ્કારો રહેલા હતા જ. એવા સંસ્કાર કોઈ જીવમાં ક્યારે ઊગી નીકળશે, ઓચિંતા ક્યારે ફૂટી નીકળશે એમ એની મુદત કોણ બાંધી શકે ? એથી જ કોઈ પણ જીવની પ્રકૃતિને આપણે ખ્યાલમાં આણવી તે નિરર્થક છે. એટલું જ નહિ પણ આપણે માટે ભાવનાના વિકાસમાં બાધકરૂપ પણ છે. પ્રત્યેક જીવનાં સૂક્ષ્મ વલણોને કોણ સમજી શકે ?

આથી, એવા કોઈ જીવના સંબંધમાં આપણે હોઈએ અને આપણો એની સાથે વહેવાર કરવાનો પ્રસંગ પડ્યો તો આપણે પોતે જીવસ્વભાવથી તણાઈ જવાની દિલમાં વૃત્તિ ન રાખવી અને જીવસ્વભાવથી પ્રેરાઈને આપણે તો ન જ જોવું, આટલી સાવધાની બીજાઓ પ્રત્યેના આપણા વહેવારમાં રહે તોપણ ઘણું કામ થયું ગણાશે.

**સ્વજન :** મનુષ્યજીવનમાં સ્ત્રી પુરુષનું યુગ્મ છે. એમાંથી એકબીજાને કોણ ઘેરતું-પ્રેરતું હોય છે ?

**શ્રીમોટા : જાણે અજાણ્યે સ્ત્રી, પુરુષને દોરે છે, પણ એનું જીવતુંજાગતું ભાન પુરુષને નથી. પુરુષ તો એમ માને છે કે પોતે જ બધું ચલાવી રહ્યો છે, પણ એ યથાર્થ નથી.** પુરુષ - મા, બહેન, પત્ની કે ઉપપત્ની કે એવી અન્ય સ્ત્રીની દોરવણીથી ચાલતો હોય છે. **પુરુષના જીવનમાં સ્ત્રી મહત્ત્વનો ભાગ ભજવે છે.** આમાં પુરુષ અને સ્ત્રી એવા બંનેના સંબંધથી જ સમગ્ર જીવન ઘડાતું હોય છે. **તેવી જ રીતે પ્રત્યેક સ્ત્રીના જીવનમાં કોઈક ને કોઈક પુરુષની પ્રતિભા કે છાયા કામ કરી રહેલી હોય છે જ. આ ઉપરથી સમજી શકાશે કે આપણને જીવનમાં થતો પ્રત્યેક જીવનો સંબંધ હેતુ વિનાનો હોતો નથી.** માત્ર, આપણને તેનો હકીકતપણે જીવતો ખ્યાલ હોતો નથી.

જો આ વિચારસરણીમાં આપણે ઊંડા ઊતરીએ તો એમ પણ કહેવાય કે **પ્રત્યેક જીવનો સંબંધ જો કર્મના હેતુરૂપ હોય અને જો એ કર્મને આપણે બંધનરૂપે નવાં થવા દેવાં ન હોય તો તે સર્વ સંબંધમાં આપણે ભગવાનની ભાવનાનો અથવા તો આપણા જીવનવિકાસની ભાવનાનો જીવંત ખ્યાલ અને હેતુ રાખીશું તો તે જીવોના સંબંધ આપણને કર્મબંધન રૂપે થવાના નથી.** એવા લગ્નથી (અહીં માત્ર પરણેતરના અર્થમાં નહિ પણ આત્મસંબંધના અર્થમાં) આપણો વિકાસ જ થતો રહેવાનો છે.

**સ્વજન :** મોટા, આ બધું સમજવું-આચરવું આકરું તો લાગે એવું છે હોં કે !

**શ્રીમોટા : આ બધું જીવસ્વભાવને આકરું લાગે છે, પણ નદી, પહાડોને કોતરી કોતરીને બહાર મેદાનમાં આવે છે ત્યારે જ એનું વહેવું સરળ બને છે.** એક વખત સ્વભાવને જીતી લેવાની સીમા સુધી આવી ગયા પછીથી આ બધું કશું જ અઘરું નથી. આપણાથી માત્ર જીવસ્વભાવનથી ન વર્તાય પણ જીવન-આદર્શની ભાવનાના હેતુમાપથી દરેક પ્રસંગે વર્તાય એટલું જ આપણે ખ્યાલમાં રાખવાનું છે.

અનુસંધાન પેજ નં. ૨૩ પર

પૂજ્ય ભાઈ નંદુભાઈ એકાંતવાસ-વિદ્યાનગરથી થોડા દિવસ માટે હરિઃૐ આશ્રમ, નડિયાદ આવેલા.

તા. ૨૧-૫-૧૯૯૪ના દિવસે બપોરે ૨.૦૦ વાગ્યે અમે સપરિવાર પૂજ્ય ભાઈને મળવા માટે, દર્શન માટે પહોંચ્યાં, પૂજ્ય શ્રીમોટાના ફોટાને ચુપચાપ ધીમેથી અવાજ ના થાય તેમ અમે સૌએ દર્શન કર્યાં. તે સમયે ઓટલા ઉપર પૂજ્ય ભાઈ એક પાટ ઉપર ચત્તા સૂતેલા. તેમની આંખ પણ મીંચાયેલી હતી. અમે સૌ ચુપચાપ અવાજ ના થાય તેવી તકેદારી સાથે આખો બંધ કરી મનમાં હરિઃૐ સ્મરણ કરતા બેસી રહ્યા. દશેક મિનિટ થઈ હશે.

આજે તો પૂજ્ય ભાઈનું દર્શન જાણે વડદાદાને વયસ્ક અંકુરો ફૂટ્યા હોય તેવું હતું. વડદાદાના પાકટ લીલાલચક અને પીળા પાંદડાઓ-નવી નવી ફૂટેલી ચંચળ અંકુરો વડીલભાવે મંદ મંદ ઈશારાથી જાણે ચુપ રહેવાનું કહી રહ્યા હતા. જેથી વડદાદાની સાધના અને સમાધિ અવસ્થાની નીરવતામાં વિક્ષેપ ન થાય. એવી જ રીતે વડવાઈઓ ચારેકોર ખડે પગે વડદાદાનો ચોકી પહેરો કરી રહી હતી. એવું દૃશ્ય હતું વડ ઉપરના પક્ષીઓ પણ બપોરનો વિસામો, શાંતિપૂર્વક કોઈ પણ પ્રકારના કલરવ વિના, ચહલપહલ વિના સ્થિર ભાવે એ સંત પુરુષની સમાધિ અવસ્થાની મર્યાદા જાળવતા હતા. પૂજ્ય ભાઈનો ચહેરો સંપૂર્ણ નીરવ અને સ્થિર હતો, જાણે સમાધિમાં ઊંડા સરકી ગયા હતા. અમારે માટે એ દર્શન અલૌકિક હતું અમો ધન્ય થઈ ગયા.

પૂજ્ય ભાઈની આંખ ખુલી, અમને નામ દઈ બોલાવી પૃચ્છા કરી ક્યારે આવ્યા. ઔપચારિક થોડી વાતો કરી હશે અને મને કહે ‘જાઓ હેમંતદાદાને (શ્રી હેમંતભાઈ નીલકંઠ) બોલાવી લાવો.’ ૯૦ વર્ષ વટાવી ચૂકેલા અને ચાલવામાં શિથિલતા અનુભવતા એવા શ્રી હેમંતદાદા, પૂજ્ય શ્રીમોટાના જોડીદાર અને પરમ મિત્ર. ગાંધી આશ્રમથી તે જોડી અનુપમ હતી. દાદા જાતે ચાલતા આશ્રમના ઓટલે પૂજ્ય ભાઈ પાસે આવ્યા.

પૂજ્ય ભાઈ કહે, ‘સમીરભાઈ તમે અહીં મારી સાથે ઉપર બેસો.’ મેં ખૂબ નમ્રતા અને વિનયપૂર્વક નીચે બેસવાની તેમની પાસે અનુમતી માગી, પણ તેઓએ મને આગ્રહપૂર્વક તેમની બાજુમાં પાટ ઉપર બેસાડ્યો. મારા પત્નીને અને બાળકોને વહાલપૂર્વક નામ લઈને બોલાવ્યા. વત્સલ અને સૌમ્ય. સૌમ્યને બીજા નામે (સોમુ-સોમી)થી નહિ બોલાવવાનો આગ્રહ રાખતા.

પૂજ્ય ભાઈ કહે ‘હેમંતભાઈ આપણે ગાંધી આશ્રમમાં હતા ત્યારે તમે એક શ્લોક ગાતા હતા.

સંસ્કૃતનો શ્લોક આપણે અવારનવાર ગાયેલો છે.

એમ કહી પૂજ્ય ભાઈએ સંસ્કૃતના શ્લોકના મુખડાના શબ્દો હેમંતદાદાને યાદ કરાવ્યાં. એમ કરતાં હેમંતદાદાએ શ્લોક આખો ગાયો.

પૂજ્ય ભાઈ પૂછે, ‘સમીરભાઈ સમજાય છે ?’

મેં કહ્યું, ‘ના, મને સંસ્કૃત આવડતું નથી.’

પૂજ્ય ભાઈએ કહ્યું, ‘હેમંતભાઈ ફરી શ્લોક ગાવ.’ શ્રી હેમંતદાદાએ રિપીટ કર્યું, પણ તેમની ઉંમરની અવસ્થાને લીધે તેમનો અવાજ અસ્પષ્ટ લાગતો હતો. ત્યાર બાદ પૂજ્ય ભાઈએ આખો શ્લોક (આ શ્લોક ભવભૂતિ ઉત્તર રામચરિતમાં છે. - સં.) મને બોલી સંભળાવ્યો.

**વ્યતિષજિલ પદાર્થાનાન્તર કોડપિ હે તુરે ।**
**ન ખલુ બહિરુપાધીન પ્રિતય્ઃ અંશ્રયન્તે ।**
**વિકસિત હિ પત્યંગસ્યોધ્યે પુંડરીકમ્ ।**
**દ્રવિત ચ હિમરશ્માવુદ્‌ગતે ચંદ્રકાંતઃ ।**

અને પૂજ્ય ભાઈ કહે, શ્લોકનું ભાષાંતર ગુજરાતીમાં અર્થ શું થાય તે હું બોલું છું અને તમે સમીરભાઈ લખો.

'કોઈ અગમ્ય હેતુ પદાર્થોને જોડે છે.
સૂર્ય ઊગે છે ત્યારે પુંડરીક વિકસે છે.
(અને) હિમરશ્મિ ઊગે છે ત્યારે ચંદ્રકાંતા દ્રવે છે.'

સૂરજ ઊગે તો સૂર્યમુખી ફૂલ ખીલે અને ચંદ્ર ઊગે તો ચંદ્રકાંતા નામનો પથ્થર પીગળે. પૂજ્ય ભાઈ પૂછે, 'પથ્થર પીગળતા જોયો છે ?' મેં કહ્યું, 'ના, પથ્થર પીગળતા નથી જોયા.'

પૂજ્ય ભાઈ કહે, 'સમીરભાઈ પથ્થર પીગળે, ચંદ્ર ઊગે ત્યારે ચંદ્રકાંતા પથ્થર પીગળે છે. સૂરજ ઊગે ત્યારે સૂર્યમુખી ખીલે એ તો ખબર છે ને ?'

મેં કહ્યું, 'હા જી ખબર છે.'

પૂજ્ય ભાઈ કહે, આવી તો જગતમાં કુદરતની કેટલીયે રચનાઓ છે, આવું, કુદરતે કેમ રચ્યું હશે તે માણસો નહિ સમજી શકે. એવી જ આ ના સમજી શકાય તેવાં જગતનાં માણસોનાં જીવનનાં ગતિ ને દિશા છે.

દિવસો પસાર થતા રહ્યા તે દરમિયાન આ બે દિવ્ય અને મહાન ઋષિઓને ગાંધી આશ્રમમાં ગાયેલા શ્લોકનું ભાષાંતર મેં તો ગોખી નાંખ્યું. મને અવારનવાર વિચાર આવે આ શ્લોકનો મારે શું અર્થ સમજવો ? આ શ્લોક આશ્રમમાં મને જ કેમ સમજાવ્યો ?

આપણે સૌ સમાજિક પ્રાણી તરીકે જીવીએ છીએ અને સમાજની મોહમાયામાં એટલાં બધા ગળાડૂબ થઈ જઈએ છીએ કે એ સંસ્કારો આપણને ફરી ફરીને જન્માવે છે. આપણે મનુષ્ય સ્વરૂપે જન્મીએ છીએ. ભોગવીએ છીએ અને મરીએ છીએ. આ દુનિયામાં - જગતમાં લાખો કરોડો પ્રાણીઓ, જીવજંતુઓ જન્મે છે, ભોગવે છે અને મરે છે. આપણે પણ એની એ જ ગતિમાં રહ્યા કરીએ છીએ અને એ પામરતા, મૂઢતાની અવસ્થામાં આપણાં જન્મમરણ કાળક્રમે ચાલ્યા જ કરે છે. આપણે તેમાંથી છૂટી શકતાં નથી અને ભગવાનના ભાન વિના અનંતકાળથી આથડીએ છીએ.

**પરમ પૂજ્ય શ્રીમોટાએ તેમના સદ્‌ગુરુની પ્રેરણાથી, સમયકાળને અનુરૂપ હરિઃૐ આશ્રમો સ્થાપી મૌનમંદિરોની રચના કરી અને સંસારભોગી, સામાજિક માનવીઓ માટે આધ્યાત્મિક વિકાસની ઉત્તમ સુવિધા સમાજને સમર્પિત કરી છે.**

મનુષ્ય માત્રમાં આધ્યાત્મિક પથ માટેની દૃષ્ટિ તો સંકળાયેલી ને ઓતપ્રોત છે જ. તેવી ચેતનાશક્તિને ઉજાગર કરવા પરમ પૂજ્ય શ્રીમોટા અને પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ આપણી સમક્ષ આ સંસારમાં રહીને જ આતમનાં અજવાળાં પાથરી ગયા છે. તેનો આપણે સૌએ આપણી શક્તિ અને મુમુક્ષતા પ્રમાણે લાભ લેવો જ રહ્યો.

આપણે સંસારી માણસો ભૌતિક ઉપલબ્ધિઓથી સંતુષ્ટ થઈને સ્વયં તે ઉપલબ્ધિઓની માની લીધેલી સીમાએ અટકી જતાં હોઈએ છીએ અને આત્મશ્લાઘા (સ્વપ્રશંસા)નાં ખાબોચિયામાં છબછબિયાં કરીને મનને ગમતા પ્રદેશોમાં રાચીએ છીએ.

**ભૌતિક સાધન-સગવડોની ઉપલબ્ધિઓ, એ પણ આપણા જીવનમાં વ્યક્ત થતી ઈશ્વરીયકૃપા-ગુરુકૃપાની પ્રસાદી સ્વરૂપે જ હોય છે.** તે પ્રસાદી સંસારી જીવન માટે ખૂબ આવકારદાયક સારી બાબત છે, પણ ભૌતિકવાદનો ઉપયોગ જીવતરના વિકાસમાં બાધકરૂપ છે. તેમાં વધુ ભેળવાઈ જવાથી લપસી જવાય. પ્રકૃતિની પક્કડ આપણાં ઉપર હાવી નહિ થઈ જાય તેની જાગૃતિ રાખવી અનિવાર્ય છે. આપણે પ્રભુપદ પામવાં માનવ તરીકે જન્મ્યાં છીએ, પણ તે જ વીસરાઈ જવાય છે.

મહામૂલા મનુષ્યજીવનના હેતુની જાગ્રતિ સાથે, ભૌતિક ઉપલબ્ધિઓથી પણ આગળ દૃષ્ટિ કરીને અને વિચારમંથન કરીએ ત્યારે સમજાય કે

જીવનવિકાસના માર્ગે કોઈ **સમર્થ** તમારી રાહ જુએ છે. તમારા આધ્યાત્મિક વિકાસ માટે પળે પળે સહાય કરવા તત્પર છે. આપણે એક ડગલું ચાલીએ, એ દસ ડગલાં ચાલશે.

પૂજ્ય શ્રીમોટાએ આપણી અપેક્ષા મુજબ ભૌતિક ઉપલબ્ધિની પ્રાપ્તિ કરાવીને પોતાની સમર્થતાનો પરિચય કરાવ્યો છે. તેઓ આપણી સાથે ને સાથે છે. એ ઘણાં બધાં સ્વજનોએ અનુભવ્યું છે અને સ્વીકારે પણ છે.

**'સમર્થોમાં શિરોમણિ' 'સર્વત્ર વિદ્યામાન'** એવી પૂજ્ય શ્રીમોટાની ભાવાતિત રચના અને કૃતિઓ એટલે હરિઃૐ આશ્રમનાં મૌનમંદિરો જેમાં પૂજ્ય શ્રીમોટાએ ઈશ્વરની પ્રાણપ્રતિષ્ઠા કરેલ છે. સાચા અર્થમાં આ મૌનમંદિરોનું એકમાત્ર લક્ષ્ય માનવજીવનના વિકાસ માટેનું જ છે. આ મૌનમંદિરો (આત્માના) વિકાસ માટેના હરિદ્વાર છે.

આપણા આત્મામાં જ પરમાત્માનો વાસ છે. તેને જોવાની દૃષ્ટિ-શક્તિ મૌનમંદિરના ઓરડામાં પૂજ્ય શ્રીમોટા આજે પણ આપી રહ્યા છે. જેમ સૂરજ અને સૂર્યમુખીનાં ફૂલમાં તથા ચંદ્ર અને ચંદ્રકાંતા પથ્થરમાં પરમાત્માનો મહિમા છુપાયેલો છે તેમ આ મૌનમંદિરોમાં પરમાત્મા અને  ની શક્તિ હાજરાહજૂર છે.

પથ્થર જેવું જડતત્ત્વ પણ જો ચંદ્રની ચાંદનીમાં તેના પ્રકાશથી પીગળતું હોય ને તેની પ્રકૃતિનું રૂપાંતર પામતું હોય તો આપણે તો મનુષ્યો છીએ. જેમ પરમાત્મા પથ્થરની પ્રકૃતિનું રૂપાંતર કરીને સ્થૂળનું જળમાં પરિવર્તન કરે છે **તેમ સમર્થ સદ્‌ગુરુ આપણા જન્મોજન્મના ગુણો-સંસ્કારોથી લદાયેલી આપણી નિમ્નગામી પ્રકૃતિનું સતત રૂપાંતર કરી રહ્યા છે અને આ પ્રક્રિયાની સાથે સાથે શ્રીસદ્‌ગુરુ આપણને ચંદ્રમાની શીતળ ચાંદની જેવી આહ્‌લાદક તેમનાં કૃપા-કરુણા-દયાનો સતત અનુભવ પણ કરાવી રહ્યા છે.**

ત્યારે તો આદિમાનવમાંથી વિકસિત માનવના દરજ્જાની દિશા તરફ માનવજાત આગળ વધી રહી છે.

સૂર્ય અને તેજ બન્નેય એકબીજામાં ઓતપ્રોત છે તેમ સમર્થ સદ્‌ગુરુનું વ્યક્ત જ્ઞાન અને કૃપા બન્નેય એકબીજામાં ઓતપ્રોત છે. સમર્થ સદ્‌ગુરુ સૂર્ય છે અને સૂર્યનાં તેજ, પ્રકાશ અને જ્ઞાન નિમિત્તે કરી મળેલાં સ્વજનોની પ્રકૃતિને ઊર્ધ્વદિશામાં વાળવી, પણ સદ્‌ગુરુ જ છે. એ માટેની રૂપાંતર પ્રક્રિયા સતત રાખવી એ સમર્થનાં કૃપા-કરુણા-દયા છે.

પૂજ્ય ભાઈ કહે છે, **'જેમ સૂર્ય ઊગવાથી કમળ ખીલતું હોય અને સૂર્યમુખીની દિશા બદલાતી હોય (જે દિશામાં સૂર્ય જાય તે દિશામાં સૂર્યમુખીનુ ફૂલ ફરે) તેમજ પરમ કૃપાળુ શ્રીસદ્‌ગુરુનું આગમન જેવું આપણા જીવનમાં થાય છે ત્યારે આપણું જીવતર વિકસવાની અને ખીલવાની શક્યતાની શરૂઆત થાય છે.'**

અજ્ઞાનરૂપી અહંકારની છાયા દૂર થવાની પ્રક્રિયા ચાલુ થાય છે. જેમ દિવસ ચઢતાં સૂર્યની દિશા બદલાતી જાય છે, અનુભવાય છે. તેમ પરમ કૃપાળુ-દયાળુ સદ્‌ગુરુની કૃપાથી આપણા જીવનમાં, આપણા  ની ભૂમિકામાં બદલાવ લાવે છે ને તે અનુભવાય છે. એક તબક્કો એવો પણ આવે છે કે ત્યારે  ને સમજાય છે કે **'સેવ્યા નહિ સદ્‌ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન'** અહંકારની અવસ્થામાં રહી આપણા કેટલાય માનવજન્મો વેડફાયા હશે.

શ્રીસદ્‌ગુરુનો સહવાસ આપણને નિમ્નગામી અથવા જડ ભૂમિકાની દિશા ને કક્ષા બદલી ઊર્ધ્વગામી દિશામાં પ્રયાસ કરવાની દૃષ્ટિ આપે છે.

પૂજ્ય ભાઈ થકી જ જીવનમાં હું આ બધું સમજી શક્યો છું. એવું હું સ્પષ્ટપણે માનું છું.

**જીવન અજલિ પ્રથમ પૃષ્ઠ ૩૪૩ થી ૩૪૯**

## ૬. આધ્યાત્મિક પંથના પથિકને પાથેય પૂરું પાડતાં મૌન મંદિરો - શ્રી વિષ્ણુકુમાર દવે

નડિયાદ નજીક શેઢી નદીને દક્ષિણ તટે સુરમ્ય અને શાંત વાતાવરણમાં આવેલા હરિઃૐ આશ્રમમાં પ્રવેશતાં ઘેઘૂર વડલા હેઠળ ઝૂલા ઉપર નજર પડતાં જ પૂ. શ્રીમોટાનું ચિત્ર સ્મૃતિપટ પર અંકાઈ ગયું. આશ્રમમાં હોય ત્યારે જ્ઞાનગોષ્ટી કરતા તેઓ ત્યાં નજરે પડે. આજે તેઓ ત્યાં નહીં હોવાથી તેમના દર્શનનો લાભ ના મળ્યો, પણ માનસપટ પરની તેમની છબી ઘણી સૂચક બની ગઈ. વડવાઈઓનો પથારો પાથરેલા એ વડલા હેઠળ બિરાજતા પૂ. શ્રીમોટા પણ એક વટવૃક્ષ સમા બની ગયા છે. એ વટવૃક્ષમાંથી માનવીના આધ્યાત્મિક અને નિજી વિકાસ માટેની કેટલીયે વડવાઈઓ કેટલી વિસ્તૃતપણે ફેલાઈ છે અને હજુ પણ ફેલાઈ રહી છે તેનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે એ પ્રખર કર્મયોગી સંતપુરુષ આપણા સમાજને જે અમૂલ્ય દેણ કરી રહ્યા છે તેનો ખ્યાલ આવે છે.

**'કર્મમાં ઈશ વ્યક્ત છે' એવું દૃઢપણે ઉદ્‌બોધન કરતા પૂજ્ય શ્રીમોટાએ અનેક પ્રવૃત્તિઓ દ્વારા માનવીને સાચા માનવ તરીકે વિકસવાનો રાહ બતાવ્યો છે,** એટલું જ નહિ, પણ તે માટે જરૂરી પ્રબંધ પણ કરી આપ્યો છે. પાણીની પરબથી માંડીને જ્ઞાન-ગંગોત્રી જેવાં જ્ઞાનસભર પ્રકાશનો તથા સાહસ, હિંમત અને નિર્ભિકતાના ગુણોના વિકાસ અર્થે તરણસ્પર્ધા, નૌકા-હરીફાઈ વગેરે જેવી અનેક પ્રવૃત્તિઓ માટે અત્યાર સુધીમાં તેમણે આપેલી કુલ રૂ. ૨૭,૪૩,૩૫૫ની દાનની રકમની વિગતો જોઈએ તો આ **સમાજોપયોગી** પ્રવૃત્તિઓનો વ્યાપ કેટલો છે તે સમજાય; પરંતુ આ ઉપરાંત તેમણે **મૌન મંદિરોનું** જે આયોજન કર્યું છે તે તેમની પ્રવૃત્તિઓમાં અનોખું અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે. માનવીને આત્મખોજ અને જીવનસાધના માટેની વ્યવસ્થા પૂરી પાડતાં આ મંદિરો સાત્ત્વિક ઉપાસના તીર્થધામો બની ગયાં છે. દક્ષિણ હિંદમાં **કુંભકોણમ્** અને ગુજરાતમાં નડિયાદ અને સૂરત એમ કુલ ત્રણ સ્થળો **હરિઃ ૐ આશ્રમોમાં મૌન-ઉપાસના**ની સગવડો આશ્રમ તરફથી કરવામાં આવેલી છે.

પોતાની જાતને બહારના બધા જ સંપર્કમાંથી અળગી કરી નામસ્મરણ દ્વારા પરમાત્મા સાથે એકતાર સાધવાનો નમ્ર પ્રયાસ કરવાની આ એક સુવિધા છે. આ સુવિધા નડિયાદમાં ૧૯૫૫થી, કુંભકોણમ્‌માં ૧૯૫૧થી, સૂરતમાં ૧૯૫૭થી અને નરોડામાં છેલ્લા પાંચ વર્ષથી ઉપલબ્ધ છે.

આ મૌન મંદિરોમાં ઉપાસનાની ઈચ્છા ધરાવનાર વ્યક્તિઓની માંગ એટલી મોટી છે કે દરેકને માટે તે માગે ત્યારે વ્યવસ્થા કરવાનું શક્ય બનતું નથી. સાધકોને પોતાના વારા માટે સામાન્યતઃ રાહ જોવી પડતી હોય છે.

હરિઃૐ આશ્રમના આ મૌન મંદિરમાં ઉપાસકોમાં દરેક કોમ અને ધર્મના ભાઈ-બહેનોનો સમાવેશ થયેલો છે.

સૂરત અને કુંભકોણમ્‌ના આશ્રમોમાં મળી એક ૨૩ વર્ષના કેનેડિયન ભાઈશ્રી રોબિને સવા વર્ષની મૌન ઉપાસના કરી છે તેનો સવિશેષ ઉલ્લેખ કરી શકાય.

મૌન-એકાન્ત મંદિરના ઉપાસકો ઘણું મોટું જીવનપાથેય લઈને બહાર નીકળતા હોય છે. તે દરેકના સ્વાનુભવની નોંધ વાંચવી રસમય જ નહીં જ્ઞાનપ્રદ પણ બની રહે છે.

**''મૌન મંદિર એટલે ઍટમ યુગની પ્રયોગશાળા''** એવું આધુનિક યુગને અનુરૂપ વર્ણન પણ એક ઉપાસકે આ મૌન મંદિરો માટે કર્યું છે. **'મનાદિકરણની દરેક પ્રવૃત્તિ મોળી પડે અને સ્વભાવ-પ્રકૃતિમાં ફેરફાર થવા જાય તે માટે આ મૌન-એકાંત મંદિર નામસ્મરણ માટે ઉત્તમ સ્થાન ગણાય'** એમ એક બીજા ઉપાસક જણાવે છે. વળી, એક ઉપાસક કહે છે કે, 'મારે માટે આ એક

ઈસ્પિતાલ હતી. એમાં મારા રોગોને નિદાનાયા અને પ્રેમપૂર્વક સારવાર કરવામાં આવી.'

**'.....ખરું જાણવાનું તો મૌનમાં બેઠા પછી જ જાણ્યું અને સમજાયું'** એમ એક બહેનના વિધાનને વધુ સ્પષ્ટતા કરતા હોય તેમ એક ભાઈ જણાવે છે કે, **ઈશ્વરાભિમુખ થવા માટેની આ સુંદર સુવિધા છે, જે જિજ્ઞાસુ માટે આશીર્વાદરૂપ છે.**

એક સાહિત્ય ઉપાસક આ મૌન મંદિરની અસર વર્ણવતાં લખે છે કે, 'કાલિદાસના શબ્દોમાં કહું તો : शान्तमिदमाश्रमपदम्– એવી મન ઉપર અસર થઈ.'

મૌન મંદિરના દરેક ઉપાસકનો એવો અભિપ્રાય રહ્યો છે કે તેમને ઉપાસનાના સમય દરમ્યાન એક પ્રકારનો અનેરો આનંદ સાંપડ્યો છે અને જીવનનું સાચું દર્શન પ્રાપ્ત થયું છે. **'મૌન મંદિરની અંદર જે આનંદ અને પ્રેરણા તથા ઉત્સાહ જીવન અંગે મળે છે તે વર્ણવી શકાય તેમ નથી'** એમ જે એક ભાઈ જણાવે છે તેને એક બીજો ઉપાસક આ રીતે પૃષ્ટિ આપે છે : **'સાત દિવસો દરમ્યાન ઘણો જ આનંદ મેળવી શક્યો છું જે બાહ્ય જગતમાં શક્ય નથી.'**

મૌન ઉપાસનાએ **'મારામાં રહેલી ચેતનાને જગાવી છે'** એમ જે એક ઉપાસક ભાઈ જણાવે છે તે યથાર્થ છે. કારણ કે જીવનમાં ડૂબકી મારી નિજાનંદે તરવાની તાકાત આમાંથી જરૂર મળે છે. વળી, **'મનનો ગંદવાડ હરિસ્મરણથી બહાર ફેંકાય છે'** એવો એકરાર કરી હરિ સાથે એકતાર સાધવાની ભૂમિકા બાંધી આપે છે.

**'મન જીત્યું તેણે જગ જીત્યું'** એવા સુવાક્યનો ઉલ્લેખ કરીને એક ઉપાસક ભાઈ આ મૌન-નામસ્મરણ અંગે જણાવે છે કે, **મૌન અને નામસ્મરણના અભ્યાસથી મન સામે સંગ્રામ કરવાની તાકાત વધશે.'**

ઉપાસનાની આધિભૌતિક કે એવી બધી ગૂઢ બાબતોમાં ના પડતાં એક પારસી ઉપાસકે ૧૪ દિવસના મૌન-એકાંતવાસ પછી જે સ્વાનુભવ રજૂ કર્યો છે તે હરકોઈ માટે પ્રેરક થઈ પડે તેવો છે. તેઓ જણાવે છે કે, **''મૌનના દિવસો ગંભીરતા, શાંતિ અને આંતરિક આનંદમાં પસાર થયા... સરળ નિર્દોષ મન અને અંતરને ઠંડક આપતી શાંતિ બંને હું અનુભવતો હતો.'** જીવનમાં આવી શાંતિ મન અને અંતરને ઠારે તેવી, કેટલી દોહ્યલી છે ? અને આવી નિર્લેપ આહ્‌લાદક શાંતિ જ્યાં હોય ત્યાં **'આ ભગવદ્‌ભક્તિની પ્રાર્થનાથી અંતે તો પ્રસન્નતા અને આનંદ જ થાય છે'** તેવું વિધાન હકીકત બની રહે છે.

ઉપાસનાની લગાતાર ધૂન જેણે માંડી હોય તે વિશ્વાસપૂર્વક કહી શકે કે : **'મારું મૌન અવધૂતાવસ્થામાં પસાર કર્યું છે.'** વળી, એક બહેન જ્યારે લખે છે કે : **'પ્રભુ ! તારું જ આપેલું તને જ સમર્પણ કરું છું ગોપીભાવ સાથે બહાર આવું છું.'** તેને જીવનદર્શનનો સાક્ષાત્કાર જ કહીશું ને ?

એ ઉપાસકોની આ મૌન એકાંત ઉપાસના સમયે **પૂ. શ્રીમોટા સૂક્ષ્મ રીતે તેમની સાથે જ હોય છે. 'અહીં પૂ. શ્રીમોટા હાજર હોવાને કારણે ઓરડામાં–કોટડીમાં પૂરાવાની સજા થતી નથી પણ ખૂબ આનંદ આવે છે.' પૂ. શ્રીમોટા ઉપાસકોને સતત સૂક્ષ્મપણે માર્ગદર્શન પૂરું પાડતા હોય છે, હેત અને સ્નેહ ન્યોછાવર કરતા હોય છે.** આથી જ એક ઉપાસક બહેન બોલી ઊઠે છે કે, **'મોટા ! મારી મા ! એમ હું હૃદયથી વાંછતી; કારણ કે આવો પ્રેમ મા અને પ્રભુ સિવાય કોઈ આપી શકે નહિ.'** બીજા એક બહેન કહે છે કે, **'પૂ. શ્રીમોટાની હાજરી તો મને પળ પણ મૂકતી નથી.'** જ્યારે બીજા એક ભાઈ લખે છે કે, **'પૂ. શ્રીમોટાના સૂક્ષ્મ સાન્નિધ્યમાં મને અપાર આનંદ અને પ્રેમ મળ્યો.'**

પૂ. શ્રીમોટાએ માનવીના આધ્યાત્મિક વિકાસ માટે આયોજેલાં મૌનમંદિરો **'મૌન અને એકાંત દ્વારા સાધના કરવાની તક ઝંખતા સાધકોને (આવાં મૌન મંદિરો) સત્ય તીર્થસ્થાન છે.'** આથી જ એક ઉપાસક આ મૌન મંદિર માટે જણાવે છે કે, **'આધ્યાત્મિક પંથના વટેમાર્ગુને થોડું ભાથું મળી ગયું છે. તે ખૂટતાં વધુ પાથેય માટે અહીં આવી દ્વાર ખખડાવશે.'**

સ્મૃતિગ્રંથ પૃ.આ.પૃ.૪૪-૪૫

# ૭. શ્રીમોટાના જીવનમાં મહાત્માઓ

- રતિલાલ કે. મહેતા

### સાકોરી આશ્રમે (ઉપાસની મહારાજ)

શ્રીઉપાસની મહારાજને ગયે થોડો સમય વીતી ગયો હતો. ત્યારે બારડોલી સત્યાગ્રહની લડત ચાલતી હતી. તેમાં સ્વયંસેવક તરીકે જવાનો હુકમ એક દિને શ્રીમોટાને મળ્યો. ને તે જ દિને શ્રીઉપાસની મહારાજનું ઓચિંતું દર્શન થયું; ત્યાં જવાનું દિલ પણ થયું. વારંવાર તેમનું દર્શન થયા કરતું હતું. બહુ વિચાર કરતાં તેમણે નક્કી કર્યું કે સાકોરી જવા માટેનું ભાડું મળી જાય તો જવું. ને થયું પણ તેમજ.

શ્રીમોટા વૈષ્ણવની હવેલી પાસેથી મરીડા ભાગોળ (હરિજન વાસમાંથી) જતાં રોજ “વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?' - એ ભજન ગાતો. એ ભજન સાંભળીને એક વાર એક વૈષ્ણવે બંધબેસતી પાઘડી પહેરી લીધી ને ગુસ્સામાં આવી જઈને શ્રીમોટાને ધોલ મારી ! સાકોરી જવાના દિવસે આજ ભજન બીજા વૈષ્ણવે સાંભળી ખુશ થઈ જઈને રૂ. ૪૫ની રકમ ભેટ આપી ! એટલે તેઓશ્રી સાકોરી ગયા.

ઉપાસની મહારાજ એક લાકડાના પાંજરામાં બેસી રહેતા. શ્રીમોટાએ પોતાના સદ્‌ગુરુની ભાવના દૃઢાવીને તેમને સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કર્યા. તેમનામાં તેમને સદ્‌ગુરુનું દર્શન થયું. પછી મહારાજે શ્રીમોટાને તેમની સામે બેસી જવા ઈશારો કર્યો. શ્રીમોટા તો બેસીને તેમની સાધનામાં લાગી ગયા. ૫-૬ કલાક વીત્યા બાદ લઘુશંકા જવાની વૃત્તિ થઈ. પણ ઊઠાયું નહિ. તેમને થયું કે પગ અકડાઈ ગયા હશે. ના, પગ બરાબર હાલતા-ચાલતા લાગ્યા. છતાં ઊભું થવાનું નહોતું ! બેઠે બેઠે ખસીને દૂર જવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પણ ખસાય જ નહિ ! બે-અઢી કલાક પાછા પસાર થયા. તેઓ તો પ્રાર્થના વગેરે સાધનામાં જ રહ્યા કરતા હતા.

વળી, લઘુશંકાની વૃત્તિ બળવત્તર બનવા લાગી. આ ઠેકાણે લઘુશંકા કેમ કરીને થાય ? એમ વારંવાર થતાં તેમને ધ્યાનસ્થ દશામાં સૂઝી આવ્યું કે આ બધી કરામત ઉપાસની મહારાજની છે ! એમનો કંઈક હેતુ હોવો જોઈએ. આવું જ્ઞાન થતાં તે જ ઠેકાણે લઘુશંકા કરવાનો સંકોચ જતો રહ્યો અને તે જ પ્રમાણે વર્તવાનું કર્યું. પાણી પાર વિનાનું નીકળે. ત્યાં એકઠાં થયેલા લોકો તેમને ભાંડવા લાગ્યા. પછી જાજરૂ જવાનું પણ ત્યાં જ થયું ! કપડાં લદબદ થઈ ગયાં. એ ચાર ફૂટની જગ્યા મળમૂત્રથી ભરાઈ ગઈ હતી.

આ રીતે પાંચેક દિવસ પસાર થયા. ખાવાનું કાંઈ મળેલું નહિ છતાં એટલાં બધાં મળમૂત્ર નીકળ્યાં કરતાં કે જેની હદ નહિ. ‘મળની જાણે એક મોટી પથારી તે જગ્યામાં થઈ ગઈ હોય તેવું બન્યું હતું,' એમ શ્રીમોટા જણાવે છે.

ત્યાંના લોકોએ દૂર ઊભા રહીને શ્રીમોટા પર ઢેખાળા ને પથરા ફેંકવા માંડ્યા. ‘સાલાને બાબા (ઉપાસની) થઈ જવું છે. ઊંચકીને ફેંકી દો બહાર'- બધાં બોલતાં પણ મળની પથારીમાં તેઓ પગ મૂકી શક્યાં નહિ. એટલે દૂરથી ઢેખાળા માર્યા કરતા હતા. શ્રીઉપાસની મહારાજ બધો ખેલ જોયા કરતા હતા. ફક્ત એક ૧૩-૧૪ વર્ષની છોકરી તેમને નહિ મારવા લોકોને સમજાવતી ને શ્રીમોટાને બચાવવા પ્રયત્ન કરતી હતી. (આ બહેન તે આજનાં (સ્વર્ગસ્થ) શ્રી ગોદાવરી માતા-ઉપાસની મહારાજનાં પટ્ટ શિષ્યા ને સાકોરી કન્યા કુમારી આશ્રમનાં સંચાલિકા)

શ્રીમોટા કહે છે કે આટલો બધો માર પડતો હતો છતાં મનાદિકરણની સમાધિના ભાવમાં જરા સરખો ભંગ પડી શકતો નહિ. પાંચેક દિવસ પળવારમાં વીતી ગયા એમ તેમને લાગેલું. પછી મહારાજે ગરમ પાણી પીવાને મંગાવી આપ્યું. આ કાર્યક્રમ ૨-૩ દિવસ સુધી ચાલ્યો. તે પછી એક

તદ્દન સુકા રોટલાનો ટૂકડો તેમણે અપાવ્યો. લગભગ અગિયારેક દિવસ આવી સ્થિતિમાં પસાર થયા.

ત્યારબાદ તેમને ઓચિંતુ એમ લાગ્યું કે હવે ઊઠીને ચાલી શકાશે. એટલે ઊઠીને દૂર ગયા. મળથી ગંદાં બનેલાં કપડાં કાઢી નાંખ્યાં. શરીર સારી પેઠે સાફ કર્યું. પછી લંગોટ પહેરીને પાવડો-તગારું ક્યાંકથી લઈ આવી શ્રીઉપાસની મહારાજના પાંજરા પાસેની જગ્યા પૂરેપૂરી સાફ કરી. પછી પાણીથી સાફ કરીને બજારમાંથી સુખડના તેલની એક શીશી લઈ આવી બધી જગ્યા પર સારી પેઠે છાંટ્યું. ત્યારબાદ નડિયાદ પાછા જવાની રજા મહારાજશ્રી પાસે માગી. અર્ધાએક કલાક પછી તેમણે શ્રીમોટાને નડિયાદ જવાની રજા આપી ને બોલ્યા કે, હવે તારી આ સ્થિતિ કાયમ રહેશે.

શ્રીમોટા ઉપાસની મહારાજના આશ્રમે આ સ્થિતિમાં આટલા દિવસ સાધનામાં રહેલા ત્યારે, તેઆશ્રી કહે છે, **'હું તેમનામાં (ઉપાસની મહારાજ) મારા ગુરુમહારાજનો ધ્યાનભાવ રાખતો.'**ને પહેલવહેલા તેઓશ્રી ગુરુમહારાજ (શ્રી ધૂણીવાળા દાદા) પાસે ગયેલા ત્યારે તેમણે મહારાજને એમ બોલતાં સાંભળેલા કે, 'હું સાંઈબાબા છું, ઉપાસની બાબા છું, તેજુદ્દીન બાબા છું, હું અક્કલકોટનો સ્વામી છું.' એવાં કેટલાંય નામો તે સ્વમુખે બોલતા ને પાછા કહેતા, 'તે બધા હું જ છું.' ત્યારે શ્રીમોટાને તેવા વક્તવ્યમાં સમજણ પડેલી નહિ. પણ સાકોરી આશ્રમે પહોંચ્યા પછી શ્રીઉપાસની મહારાજના શરીરમાં તેમને તેમના સદ્ગુરુનાં પ્રત્યક્ષ હાજરાહજુર દર્શન થયેલાં. પણ તેજુદ્દીન બાબાને સમર્થ શ્રી અક્કલકોટના સ્વામી તરફથી તેમને શું શું માર્ગદર્શન મળેલું તે તેમણે કોઈને કહ્યું નથી. કેમકે તે પ્રસંગોના કોઈ સાક્ષી નહોતા. પૂ. ભાઈ (શ્રી નંદુભાઈ)ને પણ નહિ કહેલું.

*('શ્રીમોટાના જીવનમાં મહાત્માઓ' પૂ. ૩૭ થી ૪૧)*

## ૮. દિલ પ્રકટ્યા વિના રસવૃત્તિ ન ધરાવવી અશક્ય છે

કેટલાક કહે છે કે વિચાર, વૃત્તિ, લાગણી વગેરે ઊઠે ત્યારે જરાકે રસવૃત્તિ ન ધરાવવી. તમારા મારા જેવા માટે એવું હાલમાં થવું જરા પણ શક્ય નથી. એમ બોલનારા તો બોલી દે, પરંતુ તેમણે આપણને સાચી વાત ને સાચી સમજણ કહેવી જોઈએ, કે **'ભાઈ, વિચારવૃત્તિઓ ઊઠે ત્યારે તેથી જે પરંપરા ચાલે છે, તેમાં જો કોઈનો દોષ હોય તો તે આપણો પોતાનો છે, કારણ કે તેવા પ્રકારની પરંપરા જે આગળ ચાલી, તેનું કારણ તો એ છે કે તેવા તેવા પ્રકારના વિચાર કે વૃત્તિમાં આપણને પોતાને રાગ છે. એટલે એવો રાગ જ્યાં સુધી હઠ્યો નથી, ત્યાં સુધી એવી રસવૃત્તિ ન ધરાવવી કે ઉપેક્ષા કરવી તે શક્ય નથી.' માટે આપણે તો મુખ્ય લક્ષ હાથ પર લીધેલી એકમાત્ર પ્રવૃત્તિમાં રાખ્યા કરવું ; અને જો તે પ્રવૃત્તિમાં ઉત્સાહ, ઉમંગ, ખંત, કાળજી, દિલ્લગી વગેરે વગેરે નહિ પ્રકટ્યાં તો તેવી પ્રવૃત્તિમાં એકધારું લક્ષ રહી શકવાનું નથી, તે પણ નક્કી જાણજો.** એટલે ખરી હકીકત તો એ છે કે આપણે ચેત્યા વિના, જાગ્રત થયા વિના, બેઠા થયા વિના કંઈ કશું બનવાનું નથી. વારંવાર આપણા પર આવતા કાગળો દ્વારા જે સમજણ મળે અથવા તો આપણી પોતાની તે વિષયની સમજણના ધક્કાથી થોડુંઘણું જે કંઈક થયા કરે અથવા આપણા પોતાના તે પ્રકારના સ્વભાવની ચીવટાઈથી ને ખંતથી જે કંઈ બન્યા કરે તેથી પણ કશો ઝાઝો શુક્કરવાર વળવાનો નથી. **આ માર્ગે જો સાચી રીતે પ્રકટવું હોય તો દિલ વિના કંઈ કશું બનવાનું નથી.**

*(જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૩૨૫-૩૨૬-૩૨૭ )*

પૂજ્ય...ના આર્શીવાદ તમને મળ્યા કે નહિ તેની ખાતરી કરવા કે પારખું કરવા તમે જે કર્યું તે યોગ્ય ન હતું. આ તો નરી બાલિશતા કહેવાય; તે નર્યું અજ્ઞાન છે એવું તો કદી થતું હોય કે ? તમે એવું વિચાર્યું કે 'જો આશીર્વાદ ઊતર્યા હોય તો તેઓ સ્વપ્નમાં આવે' ને એમણે સ્વપ્નમાં દર્શન દીધાં પણ ખરાં. પણ કોઈ વાર એવું નયે બને ત્યારે આપણો વિના કારણ નિરાશામાં ડૂબી જવાનો પૂરેપૂરો સંભવ છે. વળી એવા વિચારથી એક પ્રકારના વહેમમાં પડી જવાનો પણ સંભવ રહે છે. **પહેલાં આપણામાં રહેતાં હોય તેના કરતાં પ્રત્યક્ષ પ્રમાણમાં જીવંત ભાવ, શ્રદ્ધા, વિશ્વાસ જામતાં જતાં હોય તો જાણવું કે આશીર્વાદ મળી ચૂક્યો છે.** આપણે તો જીવનવિકાસની ભાવના ફળ્યા કરે અને ગુણશક્તિ પ્રક્ટે એ પણ સાચું માપલક્ષણ સમજીને જીવનવિકાસની ભાવનામાં આગળ ને આગળ પ્રયાણ કરવાનું છે.

વળી કોઈક વાર એમ પણ બને છે કે સંતજનની કૃપા આપણા પર ઊતરી તો આવે છે, ત્યારે ઓચિંતી જીવનમાં એવી ઝલક ને ચમક પ્રકટી જાય છે ! નવી શક્તિ ને નવો જ જન્મ આપણે પામ્યા છીએ એમ તે કાળ પૂરતું જરૂર આપણને લાગે છે. પરંતુ તે બધી અસર આપણી જીવદશાને કારણે પાછી અદશ્ય થઈ જાય છે, ને એની આપણને ખબર પણ હોતી નથી. એટલે **ટૂંકમાં તેવા પ્રકારની સ્વીકારાત્મક અને ગ્રહણાત્મક ભૂમિકા આપણા જીવનમાં પાક્યા વિના તેવી અસર ઝાઝો કાળ ટકતી નથી તે નક્કી જાણશોજી. પૂરેપૂરી યોગ્ય પ્રકારની તત્પરતાવાળી તૈયારી વિના કોઈ પણ આપણને ઊંચે આણી શકવાનું નથી.** બીજો આપણને મદદ કરે એ દષ્ટિમાં સાચું પૂરેપૂરું વજૂદ નથી. ખરું તો આપણે પોતે જ છીએ. ને આપણે પોતે તે માટે જાગ્રત થઈને મરી મીટવું જોઈએ. **આપણા આદર્શને કાજે જ્યાં સુધી આપણને દિલમાં મરી ફીટવાની પૂરેપૂરી ધગશ નહિ પ્રકટી હોય ત્યાં સુધી આપણે ઠેરના ઠેર રહેવાના છીએ.** થોડીકવાર થોડો ઘણો પ્રયત્ન થશે. અથવા પ્રકૃતિના આપણા તેવા ગુણના પ્રેરણાત્મક ધક્કા વડે કરીને સાધનનું કશુંક કર્મ કર્યા કરીશું. પરંતુ તેમાં સાચેસાચું તો દિલ પ્રકટેલું નહિ હોવાથી આપણે ઠેરના ઠેર રહી જવાના છીએ તે જાણજો.

**કૃપાની ઉપર જે મદાર રાખે છે, તેના પુરુષાર્થમાં ખંત, ઉત્સાહ વગેરેનું પ્રમાણ ઘટી જાય છે. એના કરતાં જે કોઈ સાચી ભાવનાથી ખરેખરો ઉત્કટ પુરુષાર્થ કરે છે, તેને જરૂર કૃપા મળી રહે છે.** સાચો જ્ઞાનીભક્ત ખરેખરા મથનારને મદદ કર્યા વિના રહી શકતો નથી. **ખરેખરી રીતે જીવનમાં ઊઠવાનું જો આપણને દિલ પ્રકટ્યું હશે, તો કૃપા તો જરૂર મળી રહેવાની છે.** માટે સાચો આધાર પોતાના પર રાખીને સાધનાની ભાવનાનો વિકાસ કેમ કરીને થયા કરે એની વેતરણમાં ભાવનાપૂર્વક પડીપડીને તે પરત્વેના ખંતીલા જાગ્રત પ્રયત્નમાં આપણે પડવાનું છે.

*(જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૩૨૩-૩૨૪-૩૨૫ )*

### યોગ્યપણે વિચારો અને તે પ્રમાણે આચરો

કોઈ પણ સત્પુરુષના જેવી પોતાની આધ્યાત્મિક સ્થિતિ થાય એવું ખાલી ખાલી વિચાર્યા કરતાં કે માત્ર એવી ભાવના રાખ્યા કરતાં એના જેવાં અખંડ જીવનયોગ ને જીવનસાધના એકધારાં ચાલ્યાં કરે ને તેમના જેવાં ખંત, ધીરજ, શ્રદ્ધા, અભય, નમ્રતા આદિ ચેતનાત્મક ગુણો જીવનમાં પ્રકટ્યા કરે અને તેમના જેવું સાધના પરત્વેનું અખંડ પરાક્રમ પ્રકટાવવાનો આપણામાં ખ્યાલ જાગ્યા કરે તો તે આપણા માટે સારું છે. 'માત્ર આના જેવું આપણું જીવન થાય' એવું ખાલી વિચારવું ને વર્તનમાં કશું ન ઉતારવું અથવા તે કાજે **માત્ર ઈચ્છા થવી તે તો ખાલી શેખચલ્લીના તરંગ જેવું છે.**

*(જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૪૫૯-૪૬૦)*

## ૧૦. ખ્રિસ્તી પાદરી અને શ્રીમોટાની તુલસીમાળા – રમેશ મ. ભટ્ટ

ઈ.સ. ૧૯૨૩ની સાલ હતી. શ્રી ચુનીલાલ ભગત એ વખતે પચીસ વર્ષના યુવાન હતા. હરિજનસેવાના કાર્યમાં જોડાયેલા હતા. બે વર્ષથી સાધનામાં લાગી ચૂકેલા હતા. આંતરિક મથામણનો આરંભકાળ હતો. પણ પોતે ભગવાનના અનુભવ માટે જે માર્ગ સ્વીકારેલો હતો એની ભાવના અંગે એ સ્પષ્ટ હતા.

**સાધનામાર્ગમાં શ્રીમોટાએ પ્રવેશ કર્યો (૧૯૨૨)** ત્યારે સૌ પ્રથમ પોતાના મનને સમજવાનો અને સમજાવવાનો એમણે કરેલો પુરુષાર્થ **'મનને'** નામની એમની પુસ્તિકામાં જોઈ શકાય છે. **મનના વિચારો, તરંગો, કલ્પનાઓ તથા એની દોડાદોડ વગેરે સમજવામાં અને એની એ શક્તિનો સાધનામાર્ગમાં ઉપયોગ કરવો એ સૂઝ પૂ. શ્રીમોટાને સાધનામાર્ગમાં પ્રવેશતાં જ ઊગી હતી એ વિલક્ષણતા નોંધપાત્ર છે.**

પરંતુ પોતે જે માર્ગે પ્રયાણ આદર્યું છે એનું અંતિમ લક્ષ્ય શું છે ? ભગવાનનું સ્વરૂપ કેવું છે ? વેદો પણ 'નેતિ નેતિ' કહીને જેના સ્વરૂપને વર્ણવી શક્યા નથી એવા ભગવાન ક્યાં છે ? કેવા છે ? – એવા પ્રશ્નો થાય જ ! શ્રીમોટાને એ પ્રશ્નો જાગેલા. પણ એ પ્રશ્નો એમને માટે પરમ વિસ્મયરૂપ હતા.

**'કેવો હઈશ પ્રભુ, તું !'** – એમ એમણે કહ્યું છે. કોઈ પણ વ્યક્તિ આ પરમ વિસ્મયકારી પ્રશ્નનો પૂરેપૂરો અને એક જ પ્રકારનો ઉત્તર આપી શકતી નથી. **ભગવાનનો નિવાસ તો હૃદયમાં છે. એથી જેમણે જેમણે પ્રભુને જે ભાવે હૃદયમાં અનુભવ્યો છે એ ભાવરૂપથી એને વર્ણવ્યો છે. એથી પ્રભુ ક્યારેય એક સરખો ભાસ્યો નથી.**

શ્રીમોટાના ભક્તહૃદયને તો પોતાની ભાવનાને જ્ઞાનપુરઃસર સ્પષ્ટ કરવી હતી. શ્રીમોટાની સાધનાપદ્ધતિની આ એક ખાસ વિશિષ્ટતા હતી કે તેઓશ્રી સમજણને સ્પષ્ટ કર્યા વિના ડગલું પણ ભરતા નહિ અને અનુભવને બુદ્ધિપ્રમાણ સુધી લાવ્યા વિના રહેતા નહિ.

આવા યુવાન ભક્તને નડિયાદમાં એક ખ્રિસ્તી મિશનરી પાદરી સાથે પરિચય હતો. **એક વખત સત્સંગ કરતાં એ પાદરીએ આ ભગતને કહ્યું કે હિન્દુ ધર્મમાં ભગવાનનાં વિવિધ રૂપો કલ્પાયાં છે, એટલે લોકો ભિન્ન ભિન્ન પંથે પડેલા છે. એથી હિન્દુ ધર્મમાં ભારે ગોટાળો છે. આ ઘટના ૧૯૨૩માં બનેલી છે,** જ્યારે હિન્દુ ધર્મની ટીકાઓ ઘણી થતી હતી અને હિન્દુ ધર્મના મહંતો પોતાના બાંધેલા વાડામાં ફસાયેલા હતા.

એ વખતે શ્રીમોટાને એમ થયું કે પ્રભુકૃપાથી આ પડકાર આવ્યો છે. **આથી પોતે જેની ખોજ કરવા – જેનો અનુભવ કરવા નીકળ્યા છે એવા ભગવાનની ભાવનાને સ્પષ્ટ કરવી જોઈએ.**

શ્રીમોટાએ પેલા પાદરીને જણાવ્યું કે ભગવાનનું સ્વરૂપ, એનાં લક્ષણો તથા એનું સ્થાન સ્પષ્ટ જ છે. હું પ્રભુકૃપાથી આપને જણાવીશ.

ફરી મુલાકાત થતાં શ્રીમોટાએ એ પાદરીની સાથેના સત્સંગમાં જણાવ્યું કે 'આજે તમને ભગવાનની ભાવના સ્પષ્ટ સમજાવું. અમારે ત્યાંના એક ભગતે એ લખ્યું છે.'

**શ્રીમોટાએ 'તુજચરણે' નામે લખેલી કવિતાકડીઓ વાંચી સંભળાવી.** ખ્રિસ્તી પાદરી ઘણા રાજી થયા અને સંતોષ વ્યક્ત કર્યો. આ રીતે શ્રીમોટાએ ધર્મ અંગે ભિન્ન દૃષ્ટિબિંદુ ધરાવતી વ્યક્તિનું સમાધાન કર્યું અને હિન્દુ ધર્મ પર થયેલી ટીકાનો રચનાત્મક અને સર્જનાત્મક જવાબ વાળ્યો.

**પૂજ્ય શ્રીમોટાની આ 'તુજચરણે' રચના સૌએ વાંચવા જેવી છે, કેમ કે એમાંથી ભગવાન એટલે શું ? એનો નિવાસ ક્યાં છે ? આપણે એનું દર્શન ક્યારે કરી શકીએ ? આપણે એને નમસ્કાર કેવી રીતે કરી શકીએ ? વગેરે સમજણ આપણામાં ઊગે છે.**

અનુસંધાન પેજ નં. ૨૩ પર

## ૧૧. મારી સાધનાકથા

સકંલન - સુશીલાબેન અમીન

### આર્થિક મુશ્કેલી

એક વખત મારે કોઈક સંજોગોને કારણે પૈસાની ઘણી ઘણી જરૂર પડી હતી, અને કોઈની પાસે માગવાનું તો ત્યારે પણ દિલ થતું નહિ. એટલે માગણી કરતો નહિ. પણ આ વખતે તેટલી રકમ વિના ચાલી શકે તેમ હતું નહિ. રકમની તો તાત્કાલિક જરૂરિયાત હતી. **ભગવાન તેના ખરેખરા ભક્તને તેની આપત્તિના સમયમાં કોઈ ને કોઈ રીતથી મદદ પ્રેર્યા કરે છે, તેવા પ્રકારનું જ્ઞાનભક્તિપૂર્વકનું આશ્વાસન મારે માટે કંઈ નાનુંસૂનું ન હતું.** તે આશ્વાસનથી મને એક પ્રકારની હૂંફ અને ઓથ મળ્યા કરતી. પણ તે તો નિરાકાર હતી. પરંતુ મારે તો ભગવાનની કૃપાથી એવી ઓથ અને હૂંફ સાકારપણે પરિણામ રૂપે પ્રગટેલી હોય, ત્યારે જીવનમાં પ્રગટેલી ભીંસ ટળી શકે એમ હતું. આવી સ્થિતિ માટે મેં કદી પણ ભગવાનને પ્રાર્થના પણ કરી નથી. કોઈપણ પરિસ્થિતિમાં પણ કોઈપણ ભારેમાં ભારે કટોકટી ભરેલી તંગ સ્થિતિ પણ ભાવ કેળવવાને માટે, ભાવમાં ટકી રહેવાને માટે, કે ભાવમાં ભાવથી જીવંતપણે જીવવાને માટેની હોય છે. એટલે તે કાળની તેવી પરિસ્થિતિની પ્રગટેલી ભીડને હું કદી ગણકારતો ન હતો. પરંતુ તેથી કરીને ભીડ જતી રહેતી હતી એવું કશું ન હતું. જો કે ભીડની ભીંસ મને દાબી દેતી ન હતી અને વળગતી પણ ન હતી. તે તો પ્રત્યક્ષ અનુભવે પરખાતું અને તેમાં ભગવાનની પરમકૃપા અનુભવતો.

*જીવનદર્શન : ૮૯-૮૯*

### શ્રીસદ્‌ગુરુની આર્થિક સહાય

મારા ગુરુમહારાજ મને ઘણીવાર કહેતા, 'જો મૈં હૂં સો મૈં હૂં. પીછે મેરા સ્વરૂપ અલગ હો જાયેગા ! પીછે મુઝે કોઈ નહિ બુલાયેગા, કોઈ પુકાર નહિ પાડેગા, કોઈ જગહ પર નહિ રહનેવાલા હૂં. તું પોકાર પાડીશ ત્યારે હાજર થઈશ. તો મેં કહાં જાઉંગા ? મેં યહીં રહનેવાલા હૂં. યહી જગહ પર.' એમ એમણે મને કહેલું. મારે જ્યારે જરૂર પડે ત્યારે હું પોકાર પાડું. એક બે સંકટ વેળાએ મારે એવી જરૂર પડેલી. ગરીબનું સંકટ પૈસાનું હોય. એવું સંકટ પડેલું. તેરસો રૂપિયાની જરૂર પડેલી. એટલા બધા રૂપિયા તો મારે મન તો અધધધ રૂપિયા કહેવાય. તે રૂપિયા મને ધીરે પણ કોણ ? તો મેં ગુરુમહારાજને પ્રાર્થના કરેલી કે, 'પ્રભુ, આ અવસર આબરૂ જાય એવો છે. ક્યાંથી લાવું હવે ? બધા પ્રયત્નો કર્યા. પછી તમને પ્રાર્થના કરું છું. તમે તો હયાત નથી. પણ મને ખબર છે કે તમને હું હયાત કરીશ. મને વિશ્વાસ છે કે તમે પ્રગટ થશો જ.' બહુ બહુ રડતાં રડતાં પ્રાર્થના કરેલી. પછી આવેલાં. મને કહે, 'દીકરા, તું શું કરવા રડે છે ? તારે માથે સમર્થ ધણી છે. તેની ખબર પણ નથી ?' સમર્થ ધણી હોય તેને કહી દેવાનું કે આ કામ તારે કરવાનું છે.' હુકમ મારાથી ના થાય. તો વિનંતી કરવી, પ્રાર્થના કરવી. એ તો થાય કે ના થાય ? પહેલાં પ્રાર્થના કરવી, વારંવાર પોકાર પાડવો. પણ રડવું બડવું નહિ. એ બરાબર નહિ.' એમ મને કહે. પછી મને કહે, 'શું કામ છે તારે ? કેટલા પૈસા જોઈએ છે ?' મેં કહ્યું, 'તેરસો જોઈએ છે.' તેમણે મને તેરસો રૂપિયા કાઢીને આપ્યા. જરૂર પડે તો સો વધારે આપું. એમ કહીને ચૌદસો રૂપિયા હાથમાં આપીને ગયા. હું તો ભગવાનનું નામ લેતો રૂપિયા લઈને ઘેર ગયો. મારી માને કહ્યું, 'મા, રૂપિયા લાવ્યો.' મારી બા કહે, 'રડ્યા આટલા બધા રૂપિયા અત્યારે રાતે ક્યાંથી લાવ્યો ? કોઈના ચોરીને લાવ્યો ?' મેં કહ્યું, 'મા, ચોરી તો નથી લાવ્યો. મારા ગુરુમહારાજે આપ્યા.' 'હોવે, તારા ગુરુમહારાજ આટલા રૂપિયા આપતા હશે ?' 'મા, તારે રૂપિયા સાથે કામ છે ને ? તું તારે કામ કર. લે આ.' એમ કહીને આપ્યા અને કામ પત્યું.

એની પાછળ કહેવાનો મતલબ કે આવા જે લય થઈ જાય છે, તો પણ એના જે ભક્ત છે, જે એના સંબંધમાં છે, જેની સાથે એમને દિલ છે, તેવા લોકો પોકાર પાડે, અને **ખરેખરો પોકાર હોય છે, ત્યારે કાં તો એ પ્રત્યક્ષ હાજર થાય છે, કાં તો સૂક્ષ્મ હાજરીથી એનું કામ પતાવે છે. બેઉ રીતે.**

*તદ્રૂપ-સર્વરૂપ : ૮૬-૮૭*

અમારી સ્થિતિ ખૂબ જ ગરીબ હતી. નડિયાદમાં મારા ભાઈઓ અને એ લોકો જેમ તેમ નભાવે. આવી સ્થિતિ છતાં મેં રચનાત્મક કાર્ય કર્યું. વીસ વર્ષ સુધી હરિજન સેવા કરી છે. ત્યાર પછી ગુરુમહારાજના હુકમથી એ કામ છોડી આ સેવા કરવા બેઠો, ત્યારેય મારી પાસે પૈસા ન હતા. **તે વખતે રૂપિયા પીસ્તાલીસથી વધારે વેતન ન લેવું એવી પ્રતિજ્ઞા કરેલી.** પરીક્ષિતલાલભાઈ હેમંતભાઈ, તથા હરિવદન ઠાકોર એ બધા તો એકલરામ હતા. **જ્યારે મારે તો આઠ જણનું પોષણ કરવાની જવાબદારી હતી. અને તેમાં મને દેવું થયાં કરતું.** ત્યારે એક જણ મને મળેલા કે જે મારું દેવું દર વરસે પૂરું કરી દેતાં અને ત્યાર પછી આ સેવા કરવા માંડી. એવાને, એક પછી એક ઘણી સરળતા ભગવાને કરી આપી છે. **મારી કોઈ પ્રતિષ્ઠા નહોતી. અને આ કંઈ મારી મહત્તા માટે નથી કહેતો,** પણ એનાથી સમજ પડે કે **ભગવાનને અનન્યભાવે ભજવાથી ભગવાન એના ભક્તનું કામ પાર પાડે છે. એટલે એના પર ભરોસો રાખતા થઈ જઈએ, એના પર વિશ્વાસ રાખીએ તો એ આપણાં કામ કરશે. એનો અર્થ એવો નથી કે કર્મ છોડી દેવાં. બુદ્ધિથી ઉકેલ કાઢીને દરેક કર્મ તો કરવાનું જ છે.**

**ભગવાન જ્યારે ભક્તને જરૂર પડે છે ત્યારે રસ્તામાંથી પણ ધન આપે છે.** એવા એક-બે બનાવ બને તો લોકો **'કાકતાલીય'** ન્યાય લેખે છે. **'કાકતાલીય' એટલે કે કાગનું બેસવું અને તાડનું ફળનું પડવું.** પણ પાંચ છ વખત એમ બન્યું છે અને એના સાક્ષી પણ છે. **એ ક્યારે બને કે ભગવાન પર ભરોસો, વિશ્વાસ, શ્રદ્ધા પ્રગટી જાય તો. ભગવાનની અદીઠી મદદ પણ આપણને મળશે એવો વિશ્વાસ આ કાળમાં કેળવવાની ઘણી જરૂર છે.** *મૌનમંદિરમાં પ્રભુ : ૫૨-૫૩*

**ગરીબી બાદશાહી તે, અમીરની પણ અમીરી શી છે !**
**જરા છંછેડવા એને ન શક્તિ કોઈની પણ છે.**

જીવનઆહ્લાદ : ૧૦૪ **— શ્રીમોટા**

*('મારી સાધનાકથા', પ્ર. આ, પૃ. ૧૭૪-૧૭૭)*

**ગુરુ પ્રત્યે વિશ્વાસ**

**મારા ગુરુમહારાજ કદી ગમે તેમ બોલે. આપણને શરૂ શરૂમાં વિશ્વાસ ના પડે. એટલે એને લીધે સાચું ના સમજાય. વિશ્વાસ ના બેસે. બધું ખોટું છે તેમ સમજાય. પણ કેટલીક બાબતમાં આપણને વિશ્વાસ ના બેસે તો પણ આપણને વિશ્વાસ બેસે એવા બે-ત્રણ દાખલા એમણે કરાવ્યા છે. મારે ઘરને લીધે થોડી પૈસાની જરૂર પડેલી. એ વખતે એવો મૉનીઆ કે ગરીબ હોઈએ તોપણ બાર મહિનાનું અનાજ તો ભરવું જ જોઈએ. મારી બા કહે, 'આપણે બાજરી ભરવી છે, ઘઉં ભરવા છે, ડાંગર લાવવી છે, એની વ્યવસ્થા કર.' પાંચ-સાત દિવસ ગયાં ત્યાં સુધી શાંત રહી. પછી ક્યાં સુધી શાંત રહે, બિચારી ? એને ઘર ચલાવવું ને ! બધાંને ખાવાનું રોજ આપવું. પછી બહુ ગુસ્સે થઈ. ત્યારે હું તો સાંભળ્યા કરું અને ગુરુમહારાજને પ્રાર્થના કર્યા કરું. મને વઢવા મંડે. આમ એક દિવસ ગયો, ને બીજે દિવસે વૈષ્ણવ મંદિરના મુખિયાજી મને કહે, 'અલ્યા ભગતજી !' મેં કહ્યું, 'હા, જી.' તો કહે, 'તમે રોજ અહીંથી ભજન ગાતા ગાતા જાઓ છો તે વહુજી મહારાજ તમારા ઉપર બહુ રાજી થયાં છે.' બહુ સરસ. બહુ ઉપકાર માનું છું.' 'રાજી થયાં છે એટલું જ નહિ પણ તને આ પૈસા આપ્યા છે. એકસો એકાવન રૂપિયા તને ભેટ આપ્યા છે. આ સાચી વાત છે.' મારી બાને જઈને આપી આવ્યો. મેં કહ્યું, 'લે, જો ભગવાન કેવી મદદ કરે છે !'** નહિતર મને પેસવા ના દે મંદિરમાં. **અસ્પૃશ્યતાનું કામ કરું એટલે પેસવા ના દે. મંદિર આગળથી ભજન ગાતાં ગાતાં જઉં તે બેઠાં બેઠાં મને રોજ સાંભળે.** ઘણી વખત એમેય કહું કે, 'વૈષ્ણવ

નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે.' તે ઘણાય લોકોને ખોટું લાગે. આ તો મોટેથી ગાતો ગાતો જતો. એક વાર તો મને એક જણે મારેલો. બે ચાર ધોલ લગાવી દીધેલી. એના મનમાં એમ કે હું જાણે એને કહું છું. પણ હું એને કહેતો ન હતો. મારી જાતને સંબોધીને કહ્યા કરતો હતો. કોઈને સંબોધતો ન હતો.

*જોડા-જોડ : ૩-૪*

**ભગવાને મદદ કરી**

મારું લગન થયું. મારી પાસે પૈસા મળે નહિ. મારી બા કહે, 'દેવું કર.' મને ગરીબને કોણ પૈસા આપે? વળી હું હરિજનનું કામ કરતો હતો. સગાંવહાલાં બધાં વિરોધી. હું તો પૈસા વિના લગન કરવા ગયેલો. હું કૉલેજમાં ભણતો ત્યારે નાગર છોકરાઓ મારા મિત્રો હતા. ત્યારે મને કલ્પનાય નહિ. મેં તો લગ્નની કંકોત્રીઓ નહિ કાઢેલી. એમને ખબર પડી કે ચૂનીલાલનું લગન થાય છે. એટલે બે-ચાર જણ પૈસા લઈને આવેલા. મેં તો એમ જ માન્યું કે મારો ભગવાન કેવો છે-એટલે મને મદદ કરી.

**જીવનમાં કેટલી વાર મદદ માગ્યા વિના એણે**
**-પથે અફળાયાની પળમાં મદદ કેવી કરેલી છે.**

*જીવનઆહ્‌લાદ :૧૫૦* — **શ્રીમોટા**

***('મારી સાધનાકથા', પ્ર. આ, પૃ. ૧૭૯-૧૮૦)***

**અનુસંધાન પેજ નં. ૧૧ પરથી**

**ત્યારે જ ઝનૂન કે ધૂન પ્રગટે છે. આંતરદષ્ટિની જ્યોત તે વેળા જલતી રાખી શકાય તો એવી અથડામણમાંથી જ સાચું જ્ઞાન મળતું જાય છે.** આમ તો એવી લગ્નની ભાવનામાંથી જ પ્રવૃત્તિ જન્મે છે, પણ મૂળ ભાવનાને ભૂલી જઈને માત્ર એમાંથી જન્મેલી પ્રવૃત્તિમાં રમ્યા કરે છે. એમ કરતાં કરતાં એ લગ્નના હેતુનું ભાન જ ભૂલી જાય છે. માટે, ફરીથી કહું છું કે **લગ્ન-એટલે કે સંબંધ-એક પવિત્ર ભાવના છે. એ ભાવના એટલે પુરુષ પ્રકૃતિનો હૃદયથી સુમેળ સાધીને પરમ ચેતનને જાણવું, સમજવું અને અનુભવવું.**

**દામ્પત્ય ભાવના સાતમી પૃષ્ઠ ૧૭ થી ૧૯**

**અનુસંધાન પેજ નં. ૬ ઉપરથી**

**તેવો ના ગણાય.** પ્રભુની કૃપાનો મહિમા જેમ કોઈ ગરીબમાં ગરીબ માણસને કોઈ ધનાઢ્યની ઓથ મળી જાય ત્યારે તેને એક અનોખો આનંદનો ઝરો ફૂટેલો તેના જીવનમાં અનુભવાય છે અને તેની ખૂબી તો તે જ જાણે છે, એવો અનુભવ આવા ઘટમાળનાં કર્મો પણ જો આપણે ઉપરની રીતે અને ભાવે કરીએ, તો તેવો અનુભવ થયા વિના રહેતો નથી.

**શ્રીચેતનની ઓથ અને હૂંફ પામવી તે કંઈ જીવનનો જેવો તેવો લહાવો નથી અને એવી ઓથ અને હૂંફ કંઈ એમ ને એમ તો મળતી નથી.** એને માટે પ્રથમ તો એવી ચેતન પરત્વેની અભીપ્સા આપણને પ્રગટેલી હોવી જોઈએ, અને એવી અભીપ્સા પ્રગટે છે ત્યારે એ અભીપ્સાની ભાવના ચેતન પરત્વેની અભિમુખતા આપણા આધારમાં પ્રગટાવે છે. **એટલા માટે સંસારની ઘટમાળમાં મળેલાં કર્મ આપણે જડસુ રીતે ન કરતાં સમર્પણની ભાવનાની રીતે અને એ ભાવે કરવાનું કરીએ, તે ઘણું ઘણું જરૂરનું છે.**

***('સંતહૃદય', ત્રીજી આવૃત્તિ, પૃ. ૫૧-૫૩)***

**અનુસંધાન પેજ નં. ૨૦ પરથી**

માત્ર આ એક જ કડી અહીં જોઈએ :

**'સ્હેજેય દૂર અણુમાત્ર નથી પ્રભુ તું,**
**નિત્ય મુકામ નિજ પાસ કરે પ્રભુ તું,**
**જો ગ્રંથિ તોડી જ જુએ, ઉર પાસ છે તું,**
**એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.**

'તુજચરણે' એ પૂજ્ય શ્રીમોટાની સાધનાના આરંભકાળની માળા હતી. **શ્રી કિશનસિંહ ચાવડાએ યોગ્ય કહ્યું છે કે, 'તુજચરણે' પૂજય શ્રીમોટાની તુલસીમાળા છે.** પહેલા છ શ્લોક અર્પણના છે. છેલ્લા ત્રણ શ્લોક કૃતાર્થતાના છે. વચ્ચેના એકસો આઠ શ્લોક પ્રભુની સ્તુતિના છે. આ સ્તવનો દ્વારા ભક્તે પોતાની આંતરકથા કહી છે.

***('હરિવાણી' જાન્યુઆરી, ૧૯૮૩, પૃ. ૫-૬)***

## ૧૨. 'અનુભવ'

– ડૉ. રમેશભાઈ મ. ભટ્ટ

**જીવનનો સાદ જુદો છે, જીવનનો નાદ ન્યારો છે,**
**જીવનનો પાઠ ભણવાનો, અનુપમ ગૂઢ અનેરો છે.**

**જીવનને તો સમજવાને, હૃદયની આંખ ખૂલવાને-**
**મતિ, મન, પ્રાણ ખુલ્લાં સૌ, પૂરેપૂરાં થવાં જોશે.**

**જીવનમાં ગૂઢતા ના છે, જીવન જો પ્રીછવા કાજે,**
**પડ્યા મેદાન જો ખુલ્લા, બધું પ્રત્યક્ષ જે તે છે.**

**જીવનની લહેરખી દિલમાં, મળેલી ચાખવાને જે**
**હરિ, તારા તરફ તેથી, હૃદય ખેંચાયેલું રહે છે.**

ફૂલની સુવાસ કેટલીક ત્યાંને ત્યાં રહે છે, પણ આપમેળે બધે પ્રસરે છે. તે પ્રસરતી હોવા છતાં મૂળમાં જ છે. તે ઓછી થતી હોતી નથી. મૂળમાં તો હોય છે. તેટલી ને તેટલી જ રહે છે, પણ પૂરેપૂરું ફૂલ જ્યારે ખીલે છે, ત્યારે એ સુવાસ મૂળમાં જે હોય છે તે આપમેળે બધે પ્રસરે છે. પણ એની લિમીટ (=મર્યાદા) હોય છે. એવી એ અનંત સુધી નહિ જાય. **તેવી રીતે આપણામાં ભગવાનનો જે અંશ છે. આત્મા - એ પૂરેપૂરો જ્યારે એ ખુલ્લો થાય ત્યાર પછી એનો પ્રકાશ આપમેળે પ્રસરે છે. પણ એ પ્રસરવામાં પણ એની મર્યાદા છે.** તો કહે **"આત્માને વળી મર્યાદા કેવી ?" આત્માને મર્યાદા તો નથી. પણ શરીર હોવાથી એ શરીરને પ્રકૃતિ છે, ને પ્રકૃતિને કારણે એને મર્યાદા રહે છે. બાકી તો એને મર્યાદા નથી. અનંતમાં એ વિસ્તરી શકે છે.** પ્રકૃતિ હોવા છતાં પણ જ્યાં જ્યાં નિમિત્ત છે, જ્યાં જ્યાં એને કામ છે ત્યાં ત્યાં એ વિસ્તરતો રહે છે. આપણે પણ જીવદશામાં છીએ તો જીવદશામાં પણ જ્યાં જ્યાં આપણને કામ પડે છે, ત્યાં ત્યાં આપણે ચોંટીએ છીએ. ચોંટીએ છીએ એટલે આપણાં મતિ, મન, પ્રાણ વગેરે ત્યાં અગાડી લાગેલાં રહે છે. કામ હોય છે ત્યાં જ, તે સિવાય નહિ. તેવી રીતે જ્યારે આત્મા ખુલ્લો થાય છે, ત્યારે એ પણ જ્યાં જ્યાં એને સંબંધ છે, નિમિત્ત છે, કામ છે, ત્યાં અગાડી એ સ્પર્શે છે. બાકી એ સ્પર્શતો નથી. એમ ને એમ કંઈ થતું નથી. **જેમ આપણને પણ કંઈ એમને એમ આત્મા નહિ ખુલે - એમ ને એમ ભગવાન તરફ આપણી આંખ ખુલ્લી નહિ થાય. એ તો એવી કોઈ ગૂઢતા માટે આપણે જ્યારે આકર્ષાઈએ અને ભગવાન તરફનું આપણું આકર્ષણ, આપણું એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌નું આકર્ષણ કંઈક સજીવન થાય ને એ આકર્ષણને કારણે આપણે કંઈ ને કંઈ, કોઈ ને કોઈ પ્રકારની સાધના, તપશ્ચર્યા, તપ આદિ કરીએ અને એ જ્યારે અમુક મર્યાદા સુધી જાય ત્યારે આપણી હૃદયની આંખ ખુલ્લી થાય. ત્યાર પછી એ આપણાથી પ્રીછાય છે** તેવી રીતે જેમ ફૂલ પૂરેપૂરું ખીલે છે તે ખીલવામાં જે મહેનત છે તે આપણને દેખાતી નથી. અને એ છોડવાને, પોતાનામાંથી એક ફૂલ વિકસે, અને ફૂલ થાય, કળી થાય અને પછી વિકસે, એ બધી પ્રક્રિયામાં એ છોડવાને પણ મથામણ છે ખરી. એ મથામણ આપણે જોઈ શકતા નથી, જાણી શકતા નથી. અનુભવી શકતા નથી. પણ 'બોટનીસ્ટ' (=વનસ્પતિશાસ્ત્રી) હોય તે સમજી શકે છે. જગદીશચંદ્ર બોઝે દુનિયામાં પહેલવહેલું સાબિત કરી બતાવ્યું કે છોડને પણ જીવન છે, એનામાં પણ લાગણીઓ છે. **તેવી રીતે આપણે પણ આ જીવનની ગૂઢતાને સમજવાને, પ્રીછવાને, અનુભવવાને કાજે જીવનમાં ઊતરવું પડશે. આપણે અત્યારે જીવનની બહારની પ્રવૃત્તિમાં ઊતરીએ છીએ. જીવનની અંદર, જીવનની પ્રવૃત્તિમાં, જીવનમાં આપણે પ્રવેશતા નથી. જીવનની બહાર, જીવનની બહારની પ્રવૃત્તિઓમાં આપણે પ્રવેશીએ છીએ. એટલે પછી જીવનનું હાર્દ આપણા હાથમાં આવતું નથી.**

**— અગ્રતા - એકાગ્રતા**

## હરિઃૐ આશ્રમ નડિયાદને મળેલ દાન

| | | |
|---|---|---|
| એપ્રિલ - ૨૦૨૫ | : | ૮,૧૭,૮૬૬.૦૦ |
| મે - ૨૦૨૫ | : | ૧,૯૨,૪૫૦.૦૦ |

## હરિઃૐ ગુંજનને આર્થિક સહયોગ

ગીતાબેન કાર્તિકેયભાઈ અમીન : યુ.એસ.એ. : રૂ. ૨૫૦૦.૦૦

## ગયેલા આત્માને શ્રદ્ધાંજલિ

(૧) નડિયાદ નિવાસી દલાભાઈ હીરાભાઈ પટેલ તા. ૧-૩-૨૦૨૫ના અવસાન પામેલ છે.

(૨) સ્વ. કમલભાઈ હસમુખલાલ મહેતા નિવાસી કુંભકોણમ્, ત્રિચી તા. ૨૫-૦૪-૨૦૨૫ના રોજ દેહાવસાન પામેલ છે.

(૩) નાનુભાઈ ભટ્ટના પુત્ર શ્રી રમેશભાઈની પત્ની ભાવનાબહેન તા. ૩૦-૪-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

(૪) મણિનગર અમદાવાદ નિવાસી નિરંજનભાઈ ભટ્ટના પત્ની ગાયત્રીબહેન તા. ૦૨-૦૫-૨૦૨૫ના કૈલાશ નિવાસી થયેલ છે.

(૫) ભાઈશ્રી ભાનુભાઈ નાયકના અમદાવાદ નિવાસી મોટા બહેન શારદાબેન સી. નાયક તા. ૦૯-૦૫-૨૦૨૫ના રોજ વૈકુંઠધામ સિધાવ્યા છે.

(૬) પંડિત જસરાજજીના શિષ્ય શ્રી નિરજ કૃષ્ણકાંત પરીખ રહેવાસી અમદાવાદ, તા. ૦૯-૫-૨૦૨૫ના રોજ પરલોકવાસી થયેલ છે, તેઓશ્રીએ પૂજ્ય શ્રીમોટા રચિત ‘જીવનગીતા’ તેઓના કંઠે (સ્વર) ગવાયેલ છે.

સર્વ શક્તિમાન શ્રીહરિ મોટા તમામ સદ્‌ગતને શાંતિ અને કલ્યાણ અર્પો તેવી પ્રાર્થના.

### ધન્ય મૃત્યુ

સ્વ. કમલભાઈ હસમુખલાલ મહેતા, નિવાસી કુંભકોણમ્, ત્રિચીના મોટાભાઈ શ્રી હરિ (દિલીપભાઈ) કે જે પૂજ્ય શ્રીમોટાના પૂર્વેના એક જન્મના ગુરુ હતા. પૂજ્ય શ્રીમોટાએ શ્રીહરિના જન્મથી પાચ વર્ષ સુધી સારસંભાળ લીધેલી અને પૂજ્ય શ્રીમોટાએ તેઓનો પ્રથમ આશ્રમ પણ ત્યાં સ્થાપેલો. આમ શ્રીમોટા અવારનવાર કુંભકોણમ્ ખાતે જતા હોઈને સ્વ. કમલભાઈને પણ પૂજ્ય શ્રીમોટાનો સહવાસ નાનપણથી જ માણવા મળેલ. આમ તેઓને પૂજ્ય શ્રીમોટાનું સાનિધ્ય ખૂબજ નજીકથી માણેલ હોઈને અને પૂજ્યશ્રીના સંસ્મરણો સૂરત હરિઃૐ આશ્રમના સાક્ષાત્કાર દિન ઉત્સવ વખતે ઘણા બધા પ્રસંગો જણાવેલ. સ્વ. કમલભાઈ ભાઈશ્રી નંદૂભાઈના ભત્રીજા થાય. તેઓએ PRL અમદાવાદ માટેની અપીલ સંદર્ભે રૂ. ત્રીસ લાખની માતબર રકમ આપેલી. તેઓ સ્વભાવે પરોપકારી અને મળતાવડા હતા. પૂજ્ય શ્રીમોટા સ્વ. કમલભાઈને તેઓના ચરણારવિંદમાં સ્થાન આપે તેવી હરિઃૐ આશ્રમ નડિયાદ - સુરત તરફથી હાર્દિક પ્રાર્થના.

— ભૂલ સુધારણા —

મે-જૂન, ૨૦૨૫ના અંકમા પેજ નં. ૨૪ ઉપર પૂજ્યશ્રી મોટાની દિવંગત શ્રી દિવ્યકાન્તભાઈ જરીવાળા પર અસીમ કૃપાના લેખમાં શરતચૂકથી શ્રી દિવ્યકાંતભાઈ જરીવાળાને ભૂતપૂર્વ ટ્રસ્ટી તરીકે દર્શાવેલ જેના બદલે સ્વ. જિતેન્દ્રલાલ વિનાયકલાલ જરીવાળા ભૂતપૂર્વ ટ્રસ્ટી હતા જે સુધારીને વાચવા વિનંતી.

## જાગૃતિના અખંડ સાતત્યની જરૂર

**એકાગ્રતાપૂર્વક ઉત્સાહથી, ખંતથી બે કલાક ને તેથી વધીને ત્રણ કલાક ધ્યાનને લઈ જવાનું છે. ભલે હમણાં પૂરેપૂરી એકાગ્રતા ન પ્રકટે, વિચારો કીડિયારા માફક ઊભરાય, પણ એ તો ધીરજપૂર્વક લાંબા કાળ સુધી પ્રેમથી નિરંતર થયા કરશે અને એવા અભ્યાસમાં જ્યારે ચેતન પ્રકટશે ત્યારે વિચારો ઉપર કાબૂ જામશે.** આપણે જે સાધન લીધું છે તે સાધનના અભ્યાસમાં આપણું દિલ પ્રકટવું જોઈશે, એની લગની લાગવી જોઈશે, **તેમાં unbroken continuity અખંડ સાતત્ય પ્રકટવું જોઈશે.** અંતરના સ્વરાજને પ્રાપ્ત કરવાને માટે સર્વ ભાવે સર્વ રીતે વારીવારીને ફના થઈ જવાની તાકાત આપણે કેળવવાની છે. તેથી દિનપ્રતિદિન જીવનવિકાસની તમન્ના, તે માટેની હૃદયની ઉત્કટ ભાવના વધારે ને વધારે તેજસ્વી ને પ્રાણવાન બને એવા પ્રકારની જાગૃતિ આપણા આધારમાં પ્રકટેલી હોવી જોઈએ.

*('જીવનસંશોધન', ત્રીજી આ., પૃ. ૫૦-૫૧)*

### પોતાના પુરુષાર્થ તરફ લક્ષ રાખો

આ માર્ગમાં સ્વાશ્રયને, સ્વપ્રયત્ને ઘણું ઘણું સ્થાન છે. તેથી જ ગીતામાં કહ્યું છે કે –

आत्मैव ह्यात्मनो बन्धुः आत्मैव रिपुरात्मनः ।

**(પોતે જ પોતાનો મિત્ર અને પોતે જ પોતાનો શત્રુ છે)** એટલે પોતે પોતાના ઉપર સર્વ પ્રકારનું મહત્ત્વ દૃઢાવી દૃઢાવીને આધાર રાખ્યા કરવાનો છે. **પોતે પોતાને જ પોતાના પુરુષાર્થે કરીને મેળવે છે. બીજો આધાર એ તો માત્ર અવલંબન રૂપે છે. તેમ જ એની તરફથી સર્વ કંઈ થઈ જશે અથવા એ બધું કરવું નહિ ને સદ્‌ગુરુ કે પ્રભુ આપણું બધું કરી દેશે એવી આશા મિથ્યાપણે સેવ્યા કરવી એ સાધનામાં પ્રવેશ કરતા સાધક માટે આપઘાતજનક પગલું છે.** આપણે તો સદ્‌ગુરુ કે પ્રભુ શું અને કેટલું કરશે તે તરફ નજર રાખવાને બદલે પોતાના અંતરમાં નજર રાખ્યા કરીને આપણે પોતે કેટલું કરીએ છીએ ને કેમ વધારે તે કરી શકીએ, તે તરફ લક્ષ આપવાનું છે તે જાણશો.

*('જીવનસંશોધન', ત્રીજી આ. પૃ. ૭૭)*

## અનુસંધાન પેજ નં. ૫ પરથી

મૂળ ચિત્તમાં પડેલા અનેક જન્મના સંસ્કારમાં છે. એ સંસ્કાર પણ અજ્ઞાનદશાને લીધે પડેલા છે. આથી આપણી અંદર આ બધું જાગે છે. ખરેખર "આપણું" નથી. તેમજ તે પ્રભુનું પણ નથી. ભગવાન આપણને વિચાર કરાવે છે કે ભગવાન આપણામાં વૃત્તિ જગવે છે એવો આરોપ જીવનવિકાસના સાધક માટે જોખમી છે. **ભગવાન કે ચેતન એ સર્વવ્યાપક અને સર્વસમર્થ હોવાથી ભાવપૂર્વક આપણી અંદર જાગતા સંસ્કારના પરિણામોને સમર્પિત કરવાથી આપણું પળેપળનું સતત અનુસંધાન ચેતન સાથે રહ્યા કરે છે અને સાથે સાથે આપણામાંથી જે કાંઈ જાગે-ઊઠે છે એની સાથે જોડાતા નથી માટે એનાથી હળવા થવાય છે.**

શ્રીમોટાએ સારું તેમજ નરસું બંનેનું સમર્પણ કરવાનું સૂચવ્યું છે. આપણામાં પ્રકટતું સારું નરસું સમર્પિત થાય ત્યારે આપણે દ્વંદ્વની પકડમાંથી આંશિક રીતે છૂટા થઈએ છીએ. સારાપણાની અને નરસાપણાની આપણામાં જે ગાંઠો બંધાઈ છે તે આપોઆપ ઢીલી પડે છે. જો બેમાંથી એક જ-દાખલા તરીકે, **આપણામાંથી સારું જ સમર્પ્યા કરીએ તો સારું જ સમર્પ્યાનું અભિમાન અને સાથે સાથે નરસાને છુપાવી રાખવાથી દંભ ઊભો થાય. એને લીધે અંદરથી આપણામાં ન ઓળખી શકાય તેવી લઘુતાગ્રંથિ બંધાઈ જાય. આથી સારું તથા નરસું બંનેનું સમર્પણ થવું જોઈએ.**

આપણામાં મન વગેરે જે ચાર અંતઃકરણો છે એ સતત સક્રિય હોય છે. સમર્પણની વિધિ આપણને આપણામાં ચાલી રહેલા આવા સતત ઉદય પ્રત્યે આપણને પળેપળ જાગૃત રાખે છે અને સાથે સાથે સતત પળેપળ પ્રભુ પ્રત્યે અભિમુખ રાખે છે.

સમર્પણની આ વિધિ જાગૃતિપૂર્વક થતા અભ્યાસથી કેળવી શકાય છે. જે રીતે કરાય તે રીતે સમર્પણ કર્યા કરવાથી એનું આંતરિક સૂક્ષ્મ પરિણામ અનુભવાય છે.


**સમર્પણ બરાબર થયું છે એનું લક્ષણ એ છે કે આપણને કોઈ પણ બાબતની ચિંતા થવી જોઈએ નહિ. જો ચિંતા થાય તો સમર્પણ નિષ્ઠાવાળું ન ગણાય.**

*('સમજની બારી', પ્રથમ આવૃત્તિ, પૃ. ૨૪-૨૭)*



પૂજ્ય શ્રીમોટા

# શ્રી ઝીણાકાકાના ૧૦૦મા જન્મદિન નિમિત્તે સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરવા અંગે



શ્રી ઝીણાકાકા

તા. ૧૦-૦૬-૨૦૨૫

પૂજ્ય શ્રીમોટાના વ્હાલા સ્વજનો,

**"આશ્રમની પહેલાંયે જેની પસંદગી થઈ"** એટલે કે સુરતમાં હરિઃૐ આશ્રમની સ્થાપના થઈ તે પહેલાંથી ઈ.સ. ૧૯૫૪થી જ મૌનાર્થીઓની સેવામાં રાત-દિવસ જોયા વિના જેમણે અવિરત શ્રીમોટાનું કામ જ કર્યાં કર્યું છે **તેવા શ્રીમોટાના અને આપણા સૌના વ્હાલા ઝીણાકાકાનો તા. ૦૬-૦૫-૨૦૨૬ના રોજ ૧૦૦મો જન્મદિન ઉત્સવ ઉજવવાનો હોવાથી લવાછા ઉત્સવ સમિતિ દ્વારા શ્રી ઝીણાકાકાના જન્મશતાબ્દિ પ્રસંગે એક સ્મૃતિગ્રંથ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું છે.**

શ્રી ઝીણાકાકાને પૂર્વજન્મની સાધનાના ફળસ્વરૂપે યુવાન વયે જ શ્રીમોટા જેવા સમર્થ ગુરુ પ્રાપ્ત થયાં હતા શ્રીમોટા સાથેની પ્રથમ મુલાકાતમાં જ ભગવાન શ્રીરામના દર્શન થયાં હતાં અને પોતે જીવનના છેલ્લા શ્વાસ સુધી હનુમાન જેવા આજ્ઞાકારી સેવક બનીને શ્રીમોટાનાં અને આશ્રમના દરેક કાર્યો કરતાં રહ્યા હતાં. જેમ પારસમણિના સ્પર્શે લોઢું સોનું બને છે તેમ શ્રીમોટા જેવાં ચેતનાનિષ્ઠના સહવાસથી શ્રી ઝીણાકાકામાં પણ અનેક દૈવી ગુણોનું પ્રાગટ્ય થયું હતું. જેનો અનુભવ તેમનાં સંપર્કમાં આવનાર અનેક મૌનાર્થીઓ તેમજ નાના મોટા સ્વજનોને થયેલ છે.

સ્વજનોના ચિત્તમાં સંગ્રહાયેલ વ્હાલા શ્રી ઝીણાકાકા વિષેની મધુર સ્મૃતિઓ/પ્રસંગો ગ્રંથરૂપે પ્રકાશિત થાય અને ભવિષ્યની આવનાર પેઢી માટે વારસારૂપે સચવાઈ રહે તે હેતુથી આગામી શતાબ્દિ ઉત્સવ પ્રસંગે **"શ્રી ઝીણાકાકાનો પ્રેમસ્પર્શ"** નામે ગ્રંથના પ્રકાશનનું આયોજન કરેલ છે.

આપના જીવનમાં શ્રી ઝીણાકાકા સાથે અનુભવાયેલ વિશેષ પ્રસંગોનું પેપરની એક બાજુ સુવાચ્ય અક્ષરે લખાણ કરી અથવા ઓડિયો સ્વરૂપે રેકર્ડ કરી સંપાદકને વોટ્સઅપ પર મોકલી આપવા વિનંતી છે. આ ગ્રંથના સંપાદનનું કાર્ય ડૉ. અનિલભાઈ ભાલોડીયા અને ડૉ. મનસુખભાઈ પટેલ કરશે તેવું નક્કી કરવામાં આવ્યું છે.

ડૉ. અનિલભાઈ ભાલોડિયા-૯૯૭૯૮૫૬૪૨૭
ડૉ. મનસુખભાઈ પટેલ - ૯૮૭૯૮૬૧૬૧૪

લવાછા ઉત્સવ સમિતિ વતી,
– પ્રવિણભાઈ બી. પટેલ

**ગુરુપૂર્ણિમા ઊજવણી હરિઃૐ આશ્રમ, નડિયાદમાં કરવામાં આવશે.**

**યજમાન સર્વે શ્રી : આશીર્વાદ પરિવાર, વલ્લભ વિદ્યાનગર અને શ્રી જીતેન્દ્રકુમાર અમીન, પાંડવા પરિવાર**

**તા. : ૧૦-૦૭-૨૦૨૫, ગુરુવાર** ૮-૦૦ થી ૮-૩૦ અલ્પાહાર, ચા-કોફી
૮-૩૦ થી ૧૨-૦૦ પ્રાર્થના, નામસ્મરણ, ભજન, આરતી, ગુરુવંદના

**નોંધ : સ્વજનોને અનુકુળતા હશે તો તે જ જગ્યાએ મહાપ્રસાદ લીધા બાદ હરિઃૐ ધૂન ૪-૦૦ વાગ્યા સુધી કરવામાં આવશે. ત્યારબાદ નાસ્તો અને ચા-કોફી આપવામાં આવશે.**



# જન્મદિન મંગલાષ્ટક

આજે મંગલ ચોથના શુભ દિને કોટિ પ્રણામો તને,
'સો સો તું શરદો જીવો જગતમાં', એ પ્રાર્થીએ સૌ અમે,
કોટિ સૂર્ય સમા પ્રકાશદીપથી મુક્તિ સદેહે મળી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૧ ॥

તારા મંગલ જન્મથી બની ગયાં શાં ધન્ય માતાપિતા,
તારા ચેતન–જન્મથી સુરગણો આનંદભાગી બન્યા,
સ્વર્ગેથી સુરગંગ આજ તુજ શાં પાયો પખાળી રહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૨ ॥

પ્રીતિ પૂર્ણ પ્રભુ મહીં તવ રહી, ને ભાવ અદ્વૈતમાં,
સાક્ષાત્કાર કરી અનંત પ્રભુનાં તેં ગાન સુણાવિયાં,
તારી પૂર્ણ કૃપા વડે વહી રહી ધારા હરિનામની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૩ ॥

આત્માનંદ મહીં સદા વિચરતા, રહેતા છતાં અંગમાં,
અજ્ઞાતે રહીને તમે શિખવિયા આદર્શ મોંઘામૂલા,
કીર્તિ કે સ્તુતિની કરી ન પરવા, ના નામના તેં ચહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૪ ॥

મોચ્યાં પાપ અમાપ તેં અમ તણાં, વૃષ્ટિ કરી ભાવની,
તારી પ્રેમલ પાંખમાં સ્વજન સૌ પામ્યાં શીળી છાંયડી;
મીઠો સ્નેહ દીધો ધરિત્રી સમ તેં વાત્સલ્ય–મૂર્તિ બની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૫ ॥

સૌના દોષ અસંખ્ય ને અવગુણો ચિત્તે લીધા ના કદી,
સત્કર્મો કરવા તણી જીવનમાં તેં પ્રેરણા શી દીધી.
કસ્તુરી સમ મ્હેંકતી તુજ તણી સુવાસ ફેલાયેલી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૬ ॥

આજે મંગલપર્વને ઉજવવા સૌ પ્રેમી ભેગાં મળ્યાં,
ભાવોની શુભ અંજલિ સમર્પી સદ્ભાગ્યશાળી બન્યાં;
આત્માના પ્રતિબિંબની તુજ છબી આજે અલૌકિક શી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૭ ॥

હૈયાના મુજ હેતનું તિલક હો ને ભાવની દક્ષિણા,
અર્ચા હો મુજ સ્નેહની તવ પદે ને દિલની વંદના.
પુષ્પો મંગલ–ભાવના શુભ ગ્રહી ને ઉર તારે ગૂંથી,
માળા આ મુજ પ્રીતની ધરી રહું સ્વીકારજો પ્રેમથી ! ॥ ૮ ॥

–પુષ્પાબહેન દલાલ

**(Printed Matter)**
**Bi-monthly RNI No. GUJGUJ/2018/76364**
Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL